RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

Volume : 10
Issue : 100
Dt.: 14-02-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa



નવસર્જન સંસ્કૃતિ

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

એક જ છત નીચે તમામ મંત્રાલયો

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા કાર્યાલય સેવાતીર્થનું લોકાર્પણ કર્યું

## મોદીએ મહિલાઓ, ખેડૂતો, યુવાનો અને નબળા જૂથોના કલ્યાણ માટે નિર્ણય લીધો, પીએમ રાહત યોજના શરૂ કરવાની મંજૂરી આપતી ફાઈલ પર હસ્તાક્ષર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારે સેવા તીર્થ સંકુલનું ઉદ્ઘાટન કર્યું. અહીં પ્રધાનમંત્રી કાર્યાલય (PMO), રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય અને કેબિનેટ સચિવાલય સ્થિત હશે. પીએમ મોદીએ મહિલાઓ, ખેડૂતો, યુવાનો અને નબળા જૂથોના કલ્યાણ માટે પહેલો નિર્ણય લીધો. પ્રધાનમંત્રીએ પીએમ રાહત યોજના શરૂ કરવાની મંજૂરી આપતી ફાઈલ પર હસ્તાક્ષર કર્યા, સાથે જ દરેક નાગરિકને જીવનરક્ષક સુરક્ષા પૂરી પાડવા અને લખપતિ દીદીઓની સંખ્યાને છ કરોડ કરવાની મંજૂરી આપી.

આજથી વડાપ્રધાનનું કાર્યાલય રાયસીના હિલ્સ સ્થિત સાઉથ બ્લોકથી સેવા તીર્થમાં શિફ્ટ થઈ જશે. સેવા તીર્થમાં જ વડાપ્રધાનના કાર્યાલયની સાથે સાથે નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ સચિવાલય તથા કેબિનેટ સચિવાલય પણ છે. સેવા તીર્થના લોકાર્પણ બાદ વડાપ્રધાન મોદીએ ૪ મોટા નિર્ણય લીધા. જેની જાણકારી તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આપી હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, રાજ્યમંત્રી જીતેન્દ્ર સિંહ અને મુખ્ય સચિવ પીકે મિશ્રા અને શક્તિકાંત દાસ સહિત ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. હવેથી પીએમઓ અને અન્ય મહત્ત્વના મંત્રાલયોનું સંચાલન નવનિર્મિત કર્તવ્ય ભવન-૧ અને ૨ માંથી કરવામાં આવશે, જ્યાં કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો માટે અત્યાધુનિક સુવિધાઓ સાથેની નવી ઓફિસો તૈયાર કરવામાં આવી છે.

પીએમ રાહત યોજના : આ દરેક નાગરિક માટે જીવનરક્ષક સુરક્ષા યોજના છે. વડાપ્રધાન મોદીએ પીએમ રાહત યોજના શરૂ કરવાને મંજૂરી આપી છે. આ પહેલ હેઠળ અકસ્માતમાં ઘાયલ થયેલા વ્યક્તિઓને કોઈપણ રોકડ ચુકવણી વિના સારવાર મળશે. જેમાં ૧.૫ લાખ રૂપિયા સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ થશે. તેનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે તાત્કાલિક તબીબી સહાયના અભાવે કોઈનું મૃત્યુ ન થાય. આ નિર્ણય યુવાનો અને સામાન્ય નાગરિકોને મોટી રાહત આપનારો છે.

લખપતિ દીદીનો ટાર્ગેટ ડબલ : સરકારે પહેલાથી જ ૩ કરોડ લખપતિ દીદીઓનો આંકડો પાર કરી લીધો છે. આ મૂળ લક્ષ્ય માર્ચ ૨૦૨૭ના એક વર્ષ પહેલા પ્રાપ્ત થયું. હવે વડાપ્રધાનએ એક નવો મહત્વાકાંક્ષી લક્ષ્ય નક્કી કર્યું છે. જે માર્ચ ૨૦૨૯ સુધીમાં ૬ કરોડ લખપતિ દીદી બનાવવાનું છે. આનાથી ગ્રામીણ મહિલાઓની આર્થિક શક્તિમાં વધુ વધારો થશે.

ખેડૂતો માટે ભેટ : આ નિર્ણયોમાં ખેડૂતો માટે પણ ભેટ છે. પીએમ મોદીએ ખેડૂતોને મજબૂત બનાવવા માટે એક મોટું પગલું ભર્યું છે. ખેડૂતો માટે હાલનું ફંડ ૧ લાખ કરોડ રૂપિયા હતું, જે હવે વધારીને ૨ લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. આનાથી કૃષિની વેલ્યુ ચેન ઉત્પાદનથી લઈને સંગ્રહ અને માર્કેટિંગ સુધી મજબૂત બનશે. ખેડૂતોને વધુ સારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્ટોરેજ અને સુવિધાઓ મળશે.

સ્ટાર્ટઅપ ફંડિંગમાં પણ વધારો થયો : ભારતના ઈનોવેશન ઈકોસિસ્ટમ, ખાસ કરીને ડીપ ટેકનોલોજી, પ્રારંભિક તબક્કાના વિચારો, અદ્યતન ઉત્પાદન અને અત્યાધુનિક ટેકનોલોજીઓને સશક્ત બનાવવા માટે વડાપ્રધાનએ ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના ફંડ સાથે સ્ટાર્ટઅપ ઈન્ડિયા FoF 2.0ને મંજૂરી આપી છે. આનાથી યુવાનોને તેમના નવા આઈડિયાને વાસ્તવિકતામાં ફેરવવા માટે ફન્ડિંગ મેળવવાનું સરળ બનશે.

એક અધિકારીએ જણાવ્યું કે, વડાપ્રધાન મોદીએ નવા પીએમઓ પરિસર સેવા તીર્થ ખાતે સેવાની ભાવનાને પ્રતિબિંબિત કરતા નિર્ણયો સંબંધિત મહત્વપૂર્ણ ફાઈલો પર હસ્તાક્ષર કર્યા છે. અગાઉ વડાપ્રધાન મોદીએ શુક્રવારે દિલ્હીમાં સેવા તીર્થ પરિસરનું ઉદ્ઘાટન કર્યું છે. તેમાં વડાપ્રધાન કાર્યાલય, કેબિનેટ સચિવાલય અને રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય સ્થિત છે. સેવા તીર્થ પરિસરની દિવાલ પર નાગરિક દેવો ભવ સૂત્ર અંકિત થયેલ છે. કેન્દ્ર સરકારે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું કે, નવી ઈમારતો ભારતના વહીવટી શાસન માળખાને પ્રતિબિંબિત કરે છે.



## રાજપાલ યાદવના વકીલનો મોટો ખુલાસો: ૫ માંથી ૨.૫ કરોડ પહેલા જ ચૂકવી દેવામાં આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બોલિવૂડના પ્રખ્યાત એક્ટર રાજપાલ યાદવ હાલ ચર્ચાનું કેન્દ્ર બનેલા છે. રાજપાલ યાદવ તિહાડ જેલમાં સજા ભોગવી રહ્યા છે. ચેક બાઉન્સ કેસને લઈને હજુ તેમને કોઈ રાહત નથી મળી. જામીન અરજીને લઈને હવે સુનાવણી સોમવાર ૧૬ ફેબ્રુઆરીના રોજ રાખવામાં આવી છે. જોકે બુધવારે થયેલી સુનાવણી બાદ રાજપાલ યાદવના વકીલ ભાસ્કર ઉપાધ્યાયે જણાવ્યું કે "રાજપાલે ૨.૫ કરોડ રૂપિયા પહેલાથી ચૂકવી દીધા છે અને બાકીના રૂપિયા ચૂકવવા પણ તૈયાર છે. જોકે તેના માટે તેમને સમય જોઈએ છે."

દિલ્હી હાઈકોર્ટની બહાર રાજપાલ યાદવના વકીલે જણાવ્યું કે "ફિલ્મ માટે તેમણે ૫ કરોડ રૂપિયાની લોનમાંથી ૨.૫ કરોડ તો ચૂકવી દીધા છે." વધુમાં વકીલ ભાસ્કર ઉપાધ્યાય દ્વારા જણાવવામાં આવ્યું કે "કોઈને પણ માત્ર આશ્વાસનના આધાર પર જેલમાં ન મોકલવા જોઈએ, અમે કોર્ટને કહ્યું કે આ એક માત્ર એક આર્થિક મામલો છે જેથી અમે જેલમાં જઈને તેમની સાથે વાત કરીશું. આજે અમે જેલમાં તેમની સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો પણ આ સંભવ ન બન્યું. અમે તેમને વ્યક્તિગત રૂપથી મળીશું જેથી કોર્ટના દ્વારા આપવામાં આવેલ આશ્વાસન પર કોર્ટનું વલણ સમજી શકાય."

આ સિવાય વકીલ ભાસ્કર ઉપાધ્યાયે એવું પણ કહ્યું કે "જો અમે રૂપિયા ચૂકવી દઈએ છીએ તો મામલો સમજૂતીના રૂપે જોવામાં આવશે. કુલ રકમ ૫ કરોડથી વધીને ૧૧ કરોડ થઈ ગઈ છે. અત્યાર સુધીમાં અમે આ મામલે ૨.૫ કરોડ રૂપિયા ચૂકવી દીધા છે. ૧ કરોડ રૂપિયા રજિસ્ટ્રીમાં જમા કરવામાં આવ્યા હતા અને આજે અમે ૨૫ લાખ રૂપિયાનો ચેક પણ લઈને આવ્યા હતા. જે પણ મદદ મળી રહી છે તેને અમે કોર્ટમાં જમા કરવા માટે તૈયાર છીએ."વધુમાં ભાસ્કર ઉપાધ્યાય કે જેઓ રાજપાલ યાદવના વકીલ છે તેમણે કહ્યું કે "આ મામલામાં કોઈ મોટી સમસ્યા નથી. સવાલ એ છે કે કોર્ટ માત્ર સોમવારે નિર્ણય લેશે."

આપને જણાવી દઈએ કે હાલ રાજપાલ યાદવના સપોર્ટમાં સલમાન ખાન, અજય દેવગણ અને મીકા સિંહ સહિત ઘણા બધા બોલિવૂડ સેલિબ્રિટી આવ્યા છે. તેઓ પોતાની ઈચ્છા અનુસાર રાજપાલ યાદવને આર્થિક સહાયતા આપી રહ્યા છે. મીકા સિંહે તો અન્ય સેલેબ્રિટીઓને પણ મદદ માટે અપીલ કરી છે.

આપને જણાવી દઈએ કે રાજપાલ યાદવનો આ કેસ ૨૦૧૦નો છે. જેમાં તેમણે પોતાની ફિલ્મ અતા પતા લાપતા માટે લોન લીધી હતી. જોકે લોન ચૂકવી નહીં જેથી આ મામલો કાયદેસરની કાર્યવાહીમાં ફેરવાયો. એપ્રિલ ૨૦૧૮માં મેજિસ્ટ્રેટ કોર્ટે રાજપાલ યાદવ અને તેની પત્ની રાધાને ચેક બાઉન્સ માટે દોષી ઠેરવ્યા હતા અને તેમને ૬ મહિનાની જેલની સજા સંભળાવી હતી. સેશન્સ કોર્ટે ૨૦૧૯ની શરૂઆતમાં આ સજાને યથાવત રાખી હતી. બાદમાં રાજપાલ યાદવે દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરી હતી.

રાષ્ટ્રપતિ હર્ઝોગના કાર્યાલયે પ્રતિક્રિયા આપી

## 'ઈઝરાયલના રાષ્ટ્રપતિને શરમ આવવી જોઈએ' : ડોનાલ્ડ ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલના રાષ્ટ્રપતિ ઈસહાક હર્ઝોગ સામે આક્રમક વલણ અપનાવ્યું છે. વ્હાઈટ હાઉસમાં ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથેની મુલાકાતના એક દિવસ બાદ ટ્રમ્પે રાષ્ટ્રપતિ હર્ઝોગની સીધી ટીકા કરતા આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ હાલમાં છેતરપિંડી, લાંચ અને વિશ્વાસઘાત જેવા ગંભીર આરોપો હેઠળ કાનૂની કેસનો સામનો કરી રહ્યા છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જૂન ૨૦૨૫થી નેતન્યાહૂ માટે માફીની માંગ કરી રહ્યા છે. આ મુદ્દે ટ્રમ્પે મીડિયા સમક્ષ જણાવ્યું કે, 'રાષ્ટ્રપતિની સૌથી મોટી શક્તિ માફ કરવાની છે, પરંતુ તેઓ તે કરી રહ્યા નથી. તેમને આ માટે શરમ આવવી જોઈએ.'વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ પ્રશંસા કરી હતી અને તેમને યુદ્ધના સમયના સારા વડાપ્રધાન ગણાવ્યા હતા. જ્યારે પત્રકારોએ ટ્રમ્પને પૂછ્યું કે શું નેતન્યાહૂ સાતમી ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા માટે જવાબદાર છે, ત્યારે તેમણે જવાબ આપ્યો કે, 'મને લાગે છે કે દરેક વ્યક્તિ અમુક અંશે જવાબદાર છે, પરંતુ આ એવો હુમલો હતો જેની કોઈએ આગાહી કરી ન હતી.'જો કે, રાષ્ટ્રપતિ હર્ઝોગના કાર્યાલયે તરત જ પ્રતિક્રિયા આપી હતી અને સ્પષ્ટતા કરી હતી કે ટ્રમ્પનો દાવો સાચો નથી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે માફી આપવા અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી, કારણ કે આ મામલો ન્યાય વિભાગ દ્વારા સમીક્ષા હેઠળ છે અને કાનૂની અભિપ્રાય મળ્યા પછી જ નિર્ણય લેવામાં આવશે.

પીડિતાએ કહ્યું ધર્મ અને આસ્થાના નામે મને ફસાવી

## જાણીતા કથાવાચક પર લાગ્યો દુષ્કર્મનો આરોપ

(સંપૂર્ણ સમાચાર સેવા)શીમલા

પ્રસિદ્ધ કથાવાચક અને ધર્મગુરુ ગણાવતા ઉત્તમ સ્વામી સામે એક યુવતીએ ગંભીર આક્ષેપો કર્યા છે. યુવતીએ ઈ-મેલ દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, ધર્મ અને આસ્થાનો ભરોસો આપીને તેના પર માનસિક પ્રભાવ પાડીને દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. ફરિયાદમાં યુવતીનો દાવો છે કે, ઉત્તમ સ્વામી પોતાને આધ્યાત્મિક ગુરુ ગણાવે છે અને સમાજમાં તેમનો ઘણો પ્રભાવ છે. યુવતીના જણાવ્યા અનુસાર, જ્યારે તેમને ખબર પડી કે તે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા જઈ રહી છે, ત્યારે તેને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ધમકીઓ મળવા લાગી હતી. જેથી તે એફઆઈઆર (FIR) નોંધાવે નહીં. યુવતીએ પોતાની ફરિયાદમાં આશંકા વ્યક્ત કરી છે કે, આ કેસના સાક્ષીઓને પ્રભાવિત કરવામાં આવી શકે છે. સાથે જ તેણે દાવો કર્યો છે કે, તેને સતત ડરાવવામાં અને ધમકાવવામાં આવી રહી છે. આ ઉપરાંત પુરાવાઓ સાથે છેડછાડ થવાની પણ શક્યતા છે. ફરિયાદમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, આરોપી પાસે એવા સમર્થકો છે.. જે તેની હિલચાલ અને લોકેશનની માહિતી મેળવી શકે છે, જેના કારણે તેની સુરક્ષા જોખમમાં છે.

યુવતીએ પોલીસ પાસે ૨૪ કલાક સુરક્ષા (પોલીસ પ્રોટેક્શન) પૂરી પાડવાની માંગ કરી છે. આ સાથે જ તેણે વિનંતી કરી છે કે, તેની ઓળખ અને હાલના રહેઠાણની વિગતો સીલબંધ રાખવામાં આવે. જેથી તેની અંગત માહિતી જાહેર ન થાય. હાલમાં આ મામલે આગળની કાર્યવાહી અંગે પોલીસ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. ફરિયાદના આધારે તપાસ પ્રક્રિયા આગળ વધી શકે છે.

## હાઈવે પર ત્રણ વાહનો વચ્ચે ટક્કર થતાં ૭ના મોત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)બંગલૂરુ

કર્ણાટકની રાજધાની બંગલૂરુના રસ્તાઓ પર શુક્રવારે વહેલી સવારે ભયાનક અકસ્માતની ઘટના બની હતી. બંગલૂરુના હોસકોટે પાસે સર્જાયેલા એક ભયાનક માર્ગ અકસ્માતમાં સાત લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત એમ. સત્યવર ગામ પાસે હોસકોટે-ડાબાસ્પેટ નેશનલ હાઈવે પર થયો હતો.

ઘટના અંગે મળતી માહિતી અનુસાર, હોસકોટેથી દેવનહલ્લી તરફ જઈ રહેલી એક એસયુવી કારે પાછળથી એક મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. મોટરસાયકલ સાથેની આ ટક્કર બાદ એસયુવીના ચાલકે વાહન પરનો કાબુ ગુમાવ્યો હતો. કાર પૂરપાટ ઝડપે એક કેન્ટર વાહન સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં વધુ એક કાર પણ અડફેટે ચડી હતી. જેના કારણે હાઈવે પર અકસ્માતની વણઝાર થઈ હતી. કુલ ૭ લોકોનાં મોત નિપજ્યાં હતા.

આ ભયાનક ટક્કરમાં એસયુવીમાં બેઠેલા છ લોકો અને મોટરસાયકલ સવાર એક વ્યક્તિ સહિત કુલ સાત લોકોના મોત નિપજ્યાં છે. અકસ્માત એટલો ભયાનક હતો કે, SUV ગાડીનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ઉપરાંત બાઈક પણ કડુસલો વળી ગયો હતો.

ઉત્તરપ્રદેશના બારાબંકીમાં બની ઘટના

## મુખ્તાર અંસારીના શૂટર શોએબની ૧૫ ગોળી મારીને હત્યા કરી દેવાઈ

### શોએબ ઉર્ફે બોબી કારમાં લખનૌથી બારાબંકી તરફ જઈ રહ્યો હતો ત્યારે અજાણ્યા હુમલાખોરોએ ફાયરિંગ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)બારાબંકી

ઉત્તરપ્રદેશના બારાબંકીથી મોટા સમાચાર સામે આવ્યા છે. મળતી માહિતી અનુસાર, મુખ્તાર અંસારીના શૂટર શોએબ ઉર્ફે બોબીની ૧૦ થી ૧૫ ગોળી મારીને હત્યા કરી દેવાઈ છે. શોએબ જેલર હત્યાકાંડનો આરોપી હતો. અજાણ્યા શખ્સોએ શોએબ પર આડેધડ ફાયરિંગ કર્યું હતું.

મળતી માહિતી મુજબ, શોએબ ઉર્ફે બોબી પોતાની બલેનો કારમાં લખનૌથી બારાબંકી તરફ જઈ રહ્યો હતો. જ્યારે તેની કાર અસૈની નજીક બ્રિજ પર પહોંચી ત્યારે ત્યાં અગાઉથી જ ઘાત લગાવીને બેઠેલા અજાણ્યા હુમલાખોરોએ તેની કાર પર અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. ગોળીબાર એટલો ભયાનક હતો કે શોએબને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી હતી, પરંતુ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

આ ઘટનાની જાણ થતાં જ પોલીસ વિભાગમાં દોડધામ મચી ગઈ હતી. એસપી અર્પિત વિજય વર્ગીય અને એએસપી વિકાસ ત્રિપાઠી સહિતના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફોરેન્સિક ટીમ દ્વારા પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે અને સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરીને હુમલાખોરોની શોધખોળ શરૂ કરવામાં આવી છે. એડીજી ઝોન લખનૌ પણ ઘટનાસ્થળની મુલાકાત લેવા માટે રવાના થયા છે.

મૃતક શોએબ ઉર્ફે બોબીનું નામ ભૂતકાળમાં ખૂબ જ ચર્ચાસ્પદ બનેલા જેલર રમાકાંત તિવારી હત્યાકાંડમાં પણ જોડાયેલું હતું. ૪ ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ લખનૌના રાજભવન પાસે જેલરની હત્યા કરવામાં આવી હતી, જેમાં મુખ્તાર અંસારી અને અભય સિંહ જેવા મોટા નામોની સાથે શોએબ પણ આરોપી હતો. જોકે, બાદમાં કોર્ટે તેને આ કેસમાં નિર્દોષ જાહેર કર્યો હતો.

હાલમાં આ હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, પરંતુ પોલીસ જૂની અદાવત સહિતના તમામ પાસાઓ પર તપાસ કરી રહી છે.



# તંત્રી લેખ......

## ડિજિટલ દુનિયા બાળકોને હિંસક બનાવી રહી છે

તાજેતરમાં, ગાઝિયાબાદમાં ત્રણ સગીર બહેનોએ તેમના ઘરના નવમા માળેથી કૂદીને આત્મહત્યા કરી હતી. ૧૨, ૧૪ અને ૧૬ વર્ષની ઉંમર એ સમય છે જ્યારે બાળકોએ સ્વપ્ન જોવાનું અને ઊંચા ધ્યેયો સાથે તેમના સપનાઓ પ્રાપ્ત કરવાનું માનવામાં આવે છે. જો કે, એવું લાગે છે કે બાળપણ હિંસા તરફ વળતું જાય છે, સમાજ અને પરિવારની વાસ્તવિક દુનિયાને પાછળ છોડીને વર્ચ્યુઅલ દુનિયા, ગેમિંગ અને ડિજિટલ મીડિયામાં ડૂબી જાય છે. કોવિડ-૧૯ રોગચાળા પછી ત્રણેય કોરિયન પ્રેમ રમતો, કોરિયન નાટકો, ગીતો અને ફિલ્મોના વ્યસની બની ગયા હતા.

તેઓ કોરિયન સંસ્કૃતિથી એટલા પ્રભાવિત થયા હતા કે તેમણે તે સંસ્કૃતિને પ્રતિબિંબિત કરવા માટે તેમના નામ અને જીવનશૈલીને અનુકૂલિત કરી. કાર્ય-આધારિત ડિજિટલ રમતો પહેલા આ છોકરીઓને પુસ્તકોથી દૂર કરી અને પછી તેમની વાસ્તવિક દુનિયાનો નાશ કર્યો. કોરિયન રમતો પ્રત્યેના તેમના વ્યસનને કારણે તેઓ શાળાએ જવાનું બંધ કરી દીધા. ત્રણ બહેનોમાંથી એકે ડેથ કમાન્ડરની ભૂમિકા ભજવી, અન્ય બે બહેનોને કાર્યો પૂર્ણ કરવા માટે માર્ગદર્શન આપ્યું. તેમની સુસાઈડ નોટમાં શબ્દો, "મને માફ કરશો, પપ્પા, હું રમત છોડી શકતી નથી," સૂચવે છે કે આ કિશોરો કાર્ય-આધારિત ડિજિટલ રમત સાથે સંકળાયેલી પૂર્વયોજિત યોજનાનો ભોગ બની હતી.

ગાઝિયાબાદની ઘટના એ બધા લોકો માટે ચેતવણી છે જેઓ તેમના બાળકોને બંધ રૂમમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરતી વખતે સલામત રહેવાનો વિશ્વાસ રાખે છે. આ ઘટના પછી, ઘણા માતા-પિતા તેમના બાળકોને મનોચિકિત્સકો પાસે લઈ જઈ રહ્યા છે. સાયબર સુરક્ષા નિષ્ણાતો નિર્દેશ કરે છે કે ડિજિટલ સામગ્રી ટાસ્ક-આધારિત રમતો દ્વારા સગીરોમાં ચાલાકીપૂર્વક વિતરિત કરવામાં આવે છે. સર્વેક્ષણો દર્શાવે છે કે બિટકોઈન ચલણની લાલચથી કોરિયન, ચાઈનીઝ અને જાપાની સામગ્રી પણ કિશોરોમાં વ્યવસ્થિત રીતે વિતરિત કરવામાં આવી રહી છે. તાજેતરમાં સંસદમાં રજૂ કરાયેલા આર્થિક સર્વેક્ષણમાં જણાવાયું છે કે ઈન્ટરનેટ મીડિયા અને અન્ય ઓનલાઈન પ્લેટફોર્મ પર બાળકો અને કિશોરોની વધતી જતી નિર્ભરતા તેમના શિક્ષણ, માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક જીવન પર પ્રતિકૂળ અસર કરી રહી છે.

આને સંબોધવા માટે, ઓનલાઈન કંપનીઓને વય ચકાસણી માટે જવાબદાર બનાવવાની અને બાળકો માટે સરળ અને સલામત ડિજિટલ સાધનોને પ્રોત્સાહન આપવાની ભલામણ કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયા અને ફિનલેન્ડમાં ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે ઈન્ટરનેટ મીડિયા ઍક્સેસને પ્રતિબંધિત કરવા માટે કાયદાઓ અમલમાં છે. ફ્રેન્ચ નેશનલ એસેમ્બલી પહેલાથી જ આવા કાયદા રજૂ કરવા સંમત થઈ ગઈ છે. બ્રિટન, ડેનમાર્ક અને ગ્રીસ પણ આ સંબંધિત કાયદો ઘડવાની તૈયારી કરી રહ્યા છે. ભારતમાં એક અબજથી વધુ ઈન્ટરનેટ વપરાશકર્તાઓ છે. આમાંથી, ૫૦ કરોડથી વધુ યુટ્યુબ યુઝર્સ છે, ૪૦ કરોડથી વધુ ફેસબુક યુઝર્સ છે અને ૪૮ કરોડથી વધુ ઈન્સ્ટાગ્રામ યુઝર્સ છે. આ ઈન્ટરનેટ મીડિયા પ્લેટફોર્મ પર ૭૫ ટકાથી વધુ યુઝર્સ સગીર વયના છે. આનાથી ઊંઘનો અભાવ, એકાગ્રતામાં ઘટાડો, ચિંતા, હતાશા, આત્મવિશ્વાસ ઓછો અને સાયબર ધમકીઓ થઈ રહી છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદામાં રૂ.૧૨૯૨ અને ચાંદીના વાયદામાં રૂ.૮૧૬૭નો ઉછાળો: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૪૦ની વૃદ્ધિ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૨૯૯૩.૯૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૧૦૭૫૯.૭૯ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૭૦૬૯.૮૧ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૮૦૭૦ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર શુક્રવારે સાંજે ૪ વાગ્યા સુધીમાં વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૩૩૭૫૫.૨૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૨૯૯૩.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૧૦૭૫૯.૭૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૮૦૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૮૬૬.૧૯ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૦૬૯.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૭૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૪૮૩૭ અને નીચામાં રૂ.૧૫૩૩૬૮ના મથાળે અથડાઈ, રૂ.૧૫૨૮૩૬ના આગલા બંધ સામે રૂ.૧૨૯૨ વધી રૂ.૧૫૪૧૨૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૦૩ વધી રૂ.૧૨૫૭૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૯૪ વધી રૂ.૧૫૭૭૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૨૭ વધી રૂ.૧૫૨૧૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪૮૭૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૫૬૦૦ અને નીચામાં રૂ.૧૫૩૮૮૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૩૬૬૩ના આગલા બંધ સામે રૂ.૧૦૧૬ વધી રૂ.૧૫૪૬૭૯ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૩૯૬૨૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૮૭૮૬ અને નીચામાં રૂ.૨૩૯૬૦૨ના મથાળે અથડાઈ, રૂ.૨૩૬૪૩૫ના આગલા બંધ સામે રૂ.૮૧૬૭ વધી રૂ.૨૪૪૬૦૨ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૬૪૭૭ વધી રૂ.૨૪૯૮૦૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૬૫૧૫ વધી રૂ.૨૪૯૯૮૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૯૦૦.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો ૨૫ પૈસા ઘટી રૂ.૧૨૦૬.૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૭૫ ઘટી રૂ.૩૨૦.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૧૦ પૈસા ઘટી રૂ.૩૦૭.૬ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૧૫ પૈસા ઘટી રૂ.૧૮૭.૬૫ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૫૦૪.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૪૪૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૪૬૦ અને નીચામાં રૂ.૩૩૭૧ના મથાળે અથડાઈ, રૂ.૫ ઘટી રૂ.૩૪૨૧ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૬૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૭૩૨ અને નીચામાં રૂ.૫૬૪૭ના મથાળે અથડાઈ, રૂ.૫૬૮૬ના આગલા બંધ સામે રૂ.૪૦ વધી રૂ.૫૭૨૬ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૩૭ વધી રૂ.૫૭૨૬ થયો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૭.૭ ઘટી રૂ.૨૮૬.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૮ ઘટી રૂ.૨૮૬.૫ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૬૫ના ભાવે ખૂલી, રૂ.૧.૧ ઘટી રૂ.૯૬૫.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૯૯ના ભાવે ખૂલી, રૂ.૫ વધી રૂ.૨૬૧૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૫૦૫.૧૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૫૬૪.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૨૧૬.૧૭ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪૨.૦૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩.૧૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૧૫.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૪.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૬૭.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૨૨.૦૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૦.૪૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૪૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૦૫૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૪૭૩૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૩૦૪૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૩૨૨૫૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૮૧૫૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૫૫૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૧૧૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૪૨૧૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૨૬૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૮૭૫૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૩૧૭૪ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૮૦૮૫ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૮૨૧૪ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૭૯૭૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૧૯૨ પોઈન્ટ ઘટી ૩૮૦૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૨ ઘટી રૂ.૧૦૫.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૭ ઘટી રૂ.૧૫.૫ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪૩.૫ ઘટી રૂ.૫૯૦.૫ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫૦૮.૫ વધી રૂ.૧૩૫૦૭ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૫ પૈસા વધી રૂ.૧૭.૨૧ થયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩ પૈસા વધી રૂ.૦.૭૭ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૫ ઘટી રૂ.૧૧૧.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૬૫ ઘટી રૂ.૧૫.૮૫ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૮ ઘટી રૂ.૫૩૮.૫ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૪૭૧ વધી રૂ.૧૨૯૯૯.૫ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૫.૧ ઘટી રૂ.૮૮.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૮૫ વધી રૂ.૧૨.૮ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૬૪.૫ ઘટી રૂ.૨૭૦૧ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૩૧ ઘટી રૂ.૪૭૦.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૫૩ વધી રૂ.૮.૯૯ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨ વધી રૂ.૫ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૯.૯૫ ઘટી રૂ.૯૪.૦૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૨૮૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૩૫ વધી રૂ.૧૫.૭ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૦૧ ઘટી રૂ.૩૪૦૯.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૭૧ ઘટી રૂ.૧૬૭૮.૫ના ભાવે બોલાયો હતો.

# ગીર સોમનાથના ડોળાસામાં વેપારી પર હુમલાના વિરોધમાં ગામ સજ્જડ બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ કોડીનાર તાલુકાના ડોળાસા ગામના વેપારી પર થયેલા હુમલાના વિરોધમાં આજે સમગ્ર પંથકમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

હુમલાખોરો સામે કડક કાર્યવાહીની માંગ સાથે શુક્રવારે (૧૩મી ફેબ્રુઆરી) ડોળાસા ગામે સજ્જડ બંધ પાળ્યો હતો અને વેપારીઓએ વિશાળ રેલી યોજી તંત્રને રજૂઆત કરી હતી.

મળતી માહિતી અનુસાર, ૧૦મી ફેબ્રુઆરીની રાત્રે ડોળાસામાં હાર્ડવેરની દુકાન ચલાવતા ૪૫ વર્ષીય વેપારી દિલીપ મોરી પર ઉનાના માથાભારે ઈસમો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. નિલય વાળા અને તેના સાગરીતોએ કરેલા આ હુમલામાં દિલીપભાઈ લોહીલુહાણ થઈ ગયા હતા.

હાલ તેઓ કોડીનારની હોસ્પિટલમાં ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. આ ઘટનાને પગલે વેપારી મહામંડળ અને ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો.

આજે સવારથી જ ડોળાસા ગામના તમામ નાના-મોટા વેપારીઓએ સ્વૈચ્છિક રીતે દુકાનો બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો. વેપારીઓ અને ગ્રામજનોએ એકત્ર થઈને સૂત્રોચ્ચાર સાથે વિશાળ રેલી કાઢી હતી, જે મામલતદાર કચેરી અને પોલીસ સ્ટેશને પહોંચી હતી. આવેદનપત્ર પાઠવી ગ્રામજનોએ માંગ કરી હતી કે નિર્દોષ વેપારી પર હુમલો કરનારા માથાભારે તત્વો સામે કાયદાનું કડક શસ્ત્ર ઉગામવામાં આવે.

એક સામાન્ય વેપારી પર આ પ્રકારે સરેઆમ હુમલો થતા સુરક્ષા સામે સવાલો ઊભા થયા છે. રાજપૂત સમાજના આગેવાનોએ પણ આ બનાવને વખોડી કાઢ્યો છે અને જો વહેલી તકે આરોપીઓની ધરપકડ કરી કડક સજા નહીં કરવામાં આવે તો આંદોલનને વધુ તેજ કરવાની ચીમકી આપી છે. ઘટનાને પગલે ડોળાસા અને કોડીનાર પંથકમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. કોડીનાર પોલીસે જણાવ્યું છે કે હુમલાખોરોની ઓળખ થઈ ચૂકી છે અને તેમને ઝડપી લેવા માટે અલગ-અલગ ટીમો કામે લગાડવામાં આવી છે.

### રાજસ્થાન રોયલ્સે કરી કેપ્ટનની જાહેરાત

# રાજસ્થાન રોયલ્ટે ટીમમાં કેપ્ટનની જવાબદારી રિયાન પરાગને સોંપી

### રાજસ્થાન રોયલ્સે ઈન્ડિયન પ્રીમિયર લીગને વર્ષ ૨૦૨૬માં રમાનાર ૧૯મી સીઝનને લઈને સ્ક્વોડમાં ઘણાં ફેરફાર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજસ્થાન રોયલ્સે ઈન્ડિયન પ્રીમિયર લીગને વર્ષ ૨૦૨૬માં રમાનાર ૧૯મી સીઝનને લઈને પોતાની સ્ક્વોડમાં ઘણાં ફેરફાર કર્યા છે, જેમાં ગત સીઝન સુધી ટીમની કેપ્ટનશીપ સંભાળનાર સંજુ સેમસનને તેને ટ્રેડ વિન્ડો દ્વારા ચેન્નઈ સુપર કિંગ્સને આપ્યો છે. ત્યાર બાદ તમામની નજર આઈપીએલ ૨૦૨૬ સિઝન પહેલા રાજસ્થાન રોયલ્સના નવા કેપ્ટન પર ટકેલી હતી, જેમાં રવીન્દ્ર જાડેજા જે સીએસકેમાંથી હવે રાજસ્થાન રોયલ્સનો ભાગ છે, તેને જવાબદારી મળે એવી આશા હતી. જો કે રાજસ્થાન રોયલ્સ ફ્રેન્ચાઈઝીએ તમામ અટકળો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે અને આઈપીએલ ૨૦૨૬ પહેલા પોતાની ટીમમાં કેપ્ટનની જવાબદારી રિયાન પરાગને સોંપી છે.

IPL 2025ની સિઝન રાજસ્થાન રોયલ્સ ટીમ માટે બિલકુલ સારી રહી નહોતી. છેલ્લી સિઝનમાં સંજુ સેમસન જે કેપ્ટનશીપ સંભાળી રહ્યો હતો, તે ઈજાગ્રસ્ત થઈ ગયો હતો. જેના કારણે તે આઠ મેચ રમી શક્યો નહોતો, ત્યાર બાદ રિયાન કેપ્ટનની જવાબદારી સંભાળી રહ્યો હતો. જો કે તેની કેપ્ટનશીપમાં રાજસ્થાન રોયલ્સને માત્ર ૨ મેચમાં જીત મળી જ્યારે ૬માં હારનો સામનો કરવો પડ્યો હતો. રિયાન પરાગે કેપ્ટન તરીકે શાનદાર પ્રદર્શન કર્યું હતું, જેમાં તેણે આઠ મેચમાં સરેરાશ ૩૮.૫૭ જોવા મળી હતી અને કોલકાતા નાઈટ રાઈડર્સ સામે તેણે આઈપીએલ કરિયરની સૌથી મોટી ૯૫ રનની ઈનિંગ રમી હતી. વર્ષ ૨૦૧૯માં આઈપીએલ સિઝનમાં રિયાન પરાગને વર્લ્ડ ક્રિકેટની સૌથી મોટી ટી૨૦ લીગમાં ડેબ્યૂ કરવાની તક મળી હતી, જેમાં છેલ્લી ૭ સિઝન તે રાજસ્થાન રોયલ્સનો ભાગ રહ્યો છે.

### શિવભક્તોને રેલવેની ભેટ !

# પવિત્ર તહેવાર મહાશિવરાત્રી પર દોડશે સ્પેશિયલ ટ્રેનો

### રેલવેએ ઉજ્જૈન, ભોપાલ, સિહોર અને રાજકોટ-વેરાવળ વચ્ચે સ્પેશિયલ ટ્રેનો ચલાવવાની જાહેરાત કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આ વર્ષે મહાશિવરાત્રીનો પવિત્ર તહેવાર રવિવાર, ૧૫ ફેબ્રુઆરીના રોજ ઉજવવામાં આવશે. મહાશિવરાત્રી નિમિત્તે ભગવાન શિવના ભક્તો મોટી સંખ્યામાં મંદિરોમાં જાય છે. ગુજરાતમાં પ્રખ્યાત સોમનાથ શિવ મંદિરની નજીક વેરાવળમાં મહાશિવરાત્રીનો મેળો ભરાય છે, જેમાં લાખો ભક્તો આવે છે. બાબા મહાકાલના દર્શન કરવા માટે ઉજ્જૈન અને સિહોર (કુબેરેશ્વર ધામ)માં પણ ભક્તોની મોટી ભીડ ઉમટે છે. તેથી રેલવેએ મહાશિવરાત્રી નિમિત્તે શિવભક્તોને મોટી રાહત આપી છે. મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના રતલામ વિભાગે ઉજ્જૈન, ભોપાલ અને સંત હિરદારામ નગર વચ્ચે ત્રણ જોડી મેળા સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો છે. આ ટ્રેનો ૧૩ ફેબ્રુઆરીથી ૨૩ ફેબ્રુઆરી સુધી ચાલશે. રાજકોટ અને વેરાવળ વચ્ચે "મહાશિવરાત્રી મેળા સ્પેશિયલ" અનરિઝર્વ્ડ ટ્રેન (૦૯૫૧૩/૦૯૫૧૪) પણ ચલાવવામાં આવી રહી છે. તે ૧૩ ફેબ્રુઆરીથી ૧૭ ફેબ્રુઆરી સુધી દોડશે.

ટ્રેન નં. ૦૯૫૧૩ રાજકોટથી વેરાવળ સ્પેશિયલ ટ્રેન સવારે ૬:૫૫ વાગ્યે રાજકોટથી ઉપડશે અને સવારે ૧૦:૫૫ વાગ્યે વેરાવળ પહોંચશે. ટ્રેન નં. ૦૯૫૧૪ વેરાવળથી રાજકોટ સ્પેશિયલ ટ્રેન બપોરે ૩:૨૦ વાગ્યે વેરાવળથી ઉપડશે અને રાત્રે ૮ વાગ્યે રાજકોટ પહોંચશે.

ઉજ્જૈનથી ભોપાલ અને સંત હિરદારામ નગર સુધીની ટ્રેનો

રતલામ ડિવિઝન દ્વારા ૧૩ ફેબ્રુઆરીથી ૨૩ ફેબ્રુઆરી સુધી ઉજ્જૈન, ભોપાલ અને સંત હિરદારામ નગર (સિહોર) વચ્ચે ત્રણ જોડી મેળા સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ટ્રેન નંબર ૦૯૩૦૫ ઉજ્જૈનથી દરરોજ સવારે ૯ વાગ્યે ઉપડશે અને બપોરે ૧:૩૦ વાગ્યે સંત હિરદારામ નગર પહોંચશે. રીટર્ન ટ્રેન નંબર ૦૯૩૦૬ બપોરે ૨:૩૦ વાગ્યે ઉપડશે અને સાંજે ૭:૩૦ વાગ્યે ઉજ્જૈન પહોંચશે.

ટ્રેન નંબર ૦૯૩૦૭ ઉજ્જૈનથી રાત્રે ૯ વાગ્યે ઉપડશે અને સવારે ૨:૧૦ વાગ્યે ભોપાલ પહોંચશે. રીટર્ન ટ્રેન નંબર ૦૯૩૦૮ ભોપાલથી સવારે ૩:૧૦ વાગ્યે ઉપડશે અને સવારે ૮ વાગ્યે ઉજ્જૈન પહોંચશે.

ટ્રેન નંબર ૦૯૩૧૩ ઉજ્જૈનથી સાંજે ૪ વાગ્યે ઉપડશે અને રાત્રે ૯:૪૦ વાગ્યે સંત હિરદારામ નગર પહોંચશે. રીટર્ન ટ્રેન નંબર ૦૯૩૧૪ રાત્રે ૧૦:૩૦ વાગ્યે ઉપડશે અને સવારે ૨ વાગ્યે ઉજ્જૈન પહોંચશે.

આ ટ્રેનો તરાના રોડ, મકસી, બેરછા, કાલીસિંધ, અકોડિયા, શુજલપુર, કાલાપીપલ અને સિહોર સહિતના મુખ્ય સ્ટેશનો પર ઉભી રહેશે.

રેલવેના જણાવ્યા મુજબ, આ અનરિઝર્વ્ડ ટ્રેનો છે, એટલે કે ટિકિટ સામાન્ય કાઉન્ટર અથવા અન્ય રીતે ખરીદી શકાશે. વધુ ટ્રાફિકને કારણે આ ટ્રેનો ભક્તો માટે ખૂબ મદદરૂપ સાબિત થશે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૧૩/૦૨/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૨૬૦ | ૪૭૬.૦૦ | ૫૨૮.૦૦ |
| ૨ | મગફળી | ૬૫ | ૧,૬૮૫.૦૦ | ૧,૮૪૦.૦૦ |
| ૩ | એરંડા | ૦ | ૧,૨૫૦.૦૦ | ૧,૨૭૬.૦૦ |
| ૪ | રાયડો | ૧૧૦ | ૯૨૫.૦૦ | ૧,૧૯૦.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૪૫૦.૦૦ | ૫૧૫.૦૦ |
| ૬ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૭ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૮ | કપાસ | ૧૩૫ | ૧,૪૭૩.૦૦ | ૧,૬૦૫.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

# અમદાવાદ SMCની મોટી રેડ, ૯ લાખના દારૂ સાથે બે ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે અમદાવાદ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા વલસાડમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. વલસાડમાં SMCની ટીમ દ્વારા બાતમીના આધારે રેડ કરીને અંદાજે ૯ લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ ઝડપી લેવામાં આવ્યો છે. આ ઓપરેશનમાં પોલીસ દ્વારા દમણના બે મોટા સપ્લાયરોની ધરપકડ કરી લેવામાં આવી છે, જ્યારે અન્ય ચાર શખ્સો ફરાર થવામાં સફળ રહ્યા છે.

SMC દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીમાં દમણના રહેવાસી ચિરાગ પટેલ અને જીગ્નેશ પટેલની ધરપકડ કરવામાં આવી છે. આ બંને શખ્સો દમણથી વલસાડમાં મોટા પાયે દારૂનો જથ્થો સપ્લાય કરતા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસ દ્વારા દારૂના જથ્થા સાથે અન્ય મુદ્દામાલ પણ જપ્ત કરી લેવામાં આવ્યો છે.રેડ દરમિયાન પોલીસને ચકમો આપીને અન્ય ૪ આરોપીઓ ભાગી છૂટ્યા છે.

પોલીસે આ તમામ ફરાર આરોપીઓની ઓળખ કરી લીધી છે અને તેમને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. વલસાડ અને આસપાસના વિસ્તારોમાં દારૂના આ નેટવર્કના તાર ક્યાં સુધી જોડાયેલા છે, તે અંગે અમદાવાદ સ્ટેટ મોનિટરિંગ સેલ વધુ તપાસ કરી રહી છે. દમણ બોર્ડર પરથી દારૂ ઘુસાડવા માટે બુટલેગરો નવી-નવી તરકીબો અજમાવતા હોય છે, પરંતુ SMCના આ ઓપરેશનથી સ્થાનિક બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

ખેડૂત આંદોલનમાં દમન છતાં હિંમત નહીં હારી : રાજુ બોરખતરીયા AAP

# જેલનો અનુભવ વર્ણવતા રાજુ બોરખતરીયાએ કહ્યું, "આમ આદમી પાર્ટી માત્ર પાર્ટી નહીં, પરિવાર છે"

અમદાવાદ/જૂનાગઢ/ગુજરાત

આમ આદમી પાર્ટીના સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ રાજુ બોરખતરીયાએ જણાવ્યું હતું કે ખેડૂત હિત માટે થયેલા આંદોલનો દરમિયાન ભાજપ સરકારે ખેડૂત નેતાઓ અને કાર્યકરો પર ખોટા કેસો નોંધ્યા, લાઠીચાર્જ કર્યો અને અનેક લોકોને જેલમાં મોકલ્યા. તેમણે આક્ષેપ કર્યો કે ખેડૂત આંદોલનને દબાવવા માટે પોલીસ દમન, ગેસ ફેંકવા અને ઘરમાંથી ખેંચી કાઢીને અટકાયત કરવાની કાર્યવાહી કરવામાં આવી. રાજુ બોરખતરીયાએ પોતાના અનુભવનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે આંદોલન દરમિયાન તેમને ગંભીર ઈજાઓ પહોંચી, બંને હાથમાં ફ્રેક્ચર થયું અને માથામાં ઈજા થઈ. છતાં તેઓ ડગ્યા નહીં અને ખેડૂત હિતની લડાઈમાં અડગ રહ્યા. તેમણે જણાવ્યું કે જેલ દરમિયાન અને કોર્ટ કાર્યવાહી સમયે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી સહિત અનેક નેતાઓ અને લિગલ ટીમે સંપૂર્ણ સહકાર આપ્યો. પાર્ટીના નેતાઓએ તેમના પરિવારને મુલાકાત લઈને હિંમત આપી અને દરેક રીતે સાથે ઉભા રહ્યા. AAP નેતા રાજુ બોરખતરીયાએ વધુમાં જણાવ્યું કે રાષ્ટ્રીય નેતા અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ આંદોલનથી પ્રભાવિત પરિવારોને મળી સમર્થન આપ્યું હતું. દિવાળીના પ્રસંગે પાર્ટીના નેતાઓએ પોતાના કાર્યક્રમો મુલતવી રાખીને જેલમાં રહેલા ખેડૂતોના પરિવારો સાથે દિવાળી ઉજવી, જે તેમના માટે વિશેષ પ્રેરણાદાયક બન્યું.

તેમણે જણાવ્યું કે આમ આદમી પાર્ટી માત્ર રાજકીય સંગઠન નથી, પરંતુ પરિવારની જેમ સાથે ઉભી રહેતી પાર્ટી છે. "અમે પાર્ટી માટે નહીં, પરંતુ ખેડૂતોના હિત માટે લડીએ છીએ. ખેડૂત હિતની લડાઈમાં પહેલા પણ ઊભા રહ્યા છીએ અને આગળ પણ પૂરી તાકાતથી લડતા રહીશું," તેમણે પાર્ટીના પ્રદેશ અને રાષ્ટ્રીય નેતૃત્વ, લિગલ ટીમ તથા તમામ કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો અને ખેડૂત હિત માટે સંઘર્ષ ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# લ્યો બોલો, શાળાનો આચાર્ય બન્યો હવસખોર ? બાળકની માતાને એલ સી લેવા માટે હોટલમાં બોલાવી હતી : બજરંગદળના કાર્યકરોએ આચાર્ય કિરીટ ઝાલાને હોટલમાંથી ઝડપ્યો



પ્રતિનિધિ,ગાંધીનગર

નડીયાદ શહેરના શાળાના ઈન્ચાર્જ આચાર્ય કિરીટ ઝાલાને અમદાવાદની હોટલમાંથી ઝડપી લેવામાં આવ્યો છે. આ ઘટનાની જાણ બજરંગદળના કાર્યકરોએ કરી હતી.

મળતી માહિતી મુજબ આચાર્યે શાળાના એક બાળકની માતાને બાળકની એલ સી લેવા માટે હોટલમાં બોલાવી હતી. મહિલાએ પહેલા એલ સી માટે અરજી આપી હતી. ત્યારબાદ આચાર્યએ તેને હોટલમાં મળવા માટે બોલાવી હતી. બજરંગદળના કાર્યકરોને આ મામલાની જાણ થતા કાર્યકરો હોટલ પર પહોચ્યા હતા અને આચાર્યને હોટલની રૂમમાંથી ઝડપી લીધો હતો. આચાર્ય પાસેથી સ્કુલની એલ સી બુક પણ મળી આવી હતી. હોટલના રૂમમાંથી શાળાની એલ સી બુક મળી આવી હતી. જે મામલાને ગંભીર બનાવે છે.

આ અંગે વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન દ્વારા સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. હાલ શાળાના ઈન્ચાર્જ આચાર્ય વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની તૈયારી ચાલી રહી છે.

# સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે કહ્યું વિકાસ મુદે કોઈ સમાધાન નહી : માંગવાની સ્ટાઈલ અલગ છે ઈરાદો ખોટો નથી



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાવલી એસટી ડેપો ખાતે આયોજીત જાહેર કાર્યક્રમમાં સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે વિકાસ અને જનહિત અંગે દ્રઢ અને ખુલ્લુ નિવેદન આપ્યુ હતું. જાહેર મંચ પરથી તેમણે વડોદરા જિલ્લાના સહપ્રભારી અને મંત્રી કમલેશ પટેલને સંબોધીને જણાવ્યુ હતુ કે સરકાર પાસેથી પોતાની માંગ રજુ કરવાની તેમની સ્ટાઈલ અલગ હોઈ શકે છે. પરંતુ તેમનો ઈરાદો કયારેય ખોટો રહયો નથી. મને વહેલુ લઈ લેવુ હતુ અને તાલુકાની જનતાને વહેલુ આપવુ હતું.

ઈનામદારે સ્પષ્ટતા કરતા જણાવ્યુ હતુ કે તેઓ કોમ્પ્રોમાઈઝ કરવાની ટેવ ધરાવતા નથી, સમાધાન પોતાની જાત માટે કરી શકુ, પરંતુ પ્રજાના પ્રશ્નો માટે કયારેય નહી, તેવુ કહી તેમણે સાવલી તાલુકાના વિકાસ માટે પોતાનુ સ્પષ્ટ વલણ રજુ કર્યુ હતું. તેમણે ઉમેર્યુ કે વિકાસ માટે જરૂરી હોય ત્યાં સ્પષ્ટતા અને દબાણ જરૂરી છે. કારણ કે લોક પ્રતિનિધિ તરીકે તેમની પ્રથમ જવાબદારી જનતાપ્રતિ છે. કાર્યક્રમ દરમિયાન તેમણે જણાવ્યુ કે સાવલી તાલુકામાં રોડ રસ્તા, પરીવહન, આરોગ્ય, શિક્ષણ અને રોજગાર જેવા મુદ્દાઓ પર ઝડપથી અને પરીણામકારક કામ થવુ જરૂરી છે.

એસટી ડેપો જેવી સુવિધાઓ જન સામાન્ય માટે જીવનરેખા સમાન હોવાથી તેમાં ગુણવત્તા, સમય પાલન અને સુરક્ષા પર ખાસ ધ્યાન આપવુ જરૂરી છે. આ માટે રાજય સરકાર અને સંબંધીત વિભાગો સાથે સતત સંવાદ રાખવામાં આવી રહયો છે.

ઈનામદારે ભાજપ સરકારના કાર્યકાળની વાત કરતા જણાવ્યુ હતું ક ૬.૫ કરોડ જનતાની ચિંતા ભાજપ સરકાર કરે છે, તેમણે દાવો કર્યો કે સરકારની નીતિઓ અને યોજનાઓનો હેતુ અંતિમ પાંખે બેઠેલા નાગરીક સુધી લાભ પહોચાડવાનો છે. સાવલી તાલુકાના વિકાસ માટે સરકાર તરફથી મળતા સહકાર બદલ તેમણે આભાર વ્યકત કર્યો હતો.

સાથે જ વિકાસના બાકી રહેલા મુદ્દાઓ માટે સતત પ્રયત્ન ચાલુ રાખવાની ખાત્રી આપી હતી. આ જાહેર કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં નાગરીકો હાજર રહ્યા હતા.

ઈનામદાર ના નિવેદનથી વિકાસ મુદે તેમની સ્પષ્ટતા અને અડગતા ફરી એકવાર પ્રગટ થઈ હતી. જે સાવલી તાલુકાના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ સંકેત માનવામાં આવી રહી છે.

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નબિન આગામી ૨૦ ફેબ્રુ.થી ગુજરાતના ૩ દિવસના પ્રવાસે

## પદભાર સંભાળ્યા બાદ પ્રથમવાર ગુજરાતના પ્રવાસેઃ ભવ્ય સ્વાગત તેમજ રોડ શો ને લઈ મીટીંગનો દૌર જામ્યો



પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતીય જનતા પાર્ટીના નવનિયુકત રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નબિન આગામી સપ્તાહમાં ગુજરાતની મુલાકાતે આવી રહયા છે. રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ આ તેમનો પ્રથમ ગુજરાત પ્રવાસ છે. જેને લઈને ભાજપ સંગઠનમાં ભારે ઉત્સાહ જોવા મળી રહયો છે. તેઓ આગામી તારીખ ૨૦ ફેબ્રુઆરી થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન ૩ દિવસ માટે ગુજરાતમાં રોકાશે અને વિવિધ રાજકીય કાર્યક્રમોમાં હાજરી આપશે. નિતીન નબિનના પ્રથમ આગમનને યાદગાર બનાવવા માટે ભાજપ દ્વારા જોરશોરથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. અમદાવાદમાં તેમના સ્વાગત માટે એક ભવ્ય રોડ શો નુ આયોજન કરવામાં આવે તેવી શકયતા છે, આ ઉપરાંત તેઓ અમદાવાદમાં એક વિશાળ જનસભાને પણ સંબોધીત કરશે. જે માટે અત્યાર થી જ આયોજન ઘડાઈ રહ્યુ છે. પોતાના પ્રવાસ દરમિયાન નિતીન નબિન ભાજપના પ્રદેશ મુખ્ય મથક કમલમ ખાતે ઉચ્ચ સ્તરીય બેઠકો યોજશે. આ બેઠકમાં પ્રદેશના હોદ્દેદારો, ધારાસભ્યો, સાંસદો તેમજ વિવિધ જિલ્લાના જન પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. આગામી સમયમાં આવી રહેલી મહાનગરપાલિકા અને અન્ય સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને ધ્યાનમાં રાખીને આ મુલાકાત અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે.

રાજકીય મહત્વ ગુજરાત એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહનુ હોમ સ્ટેટ હોવાથી રાષ્ટ્રીય અધ્યક્ષની આ મુલાકાત વ્યુહાત્મક રીતે પણ ખાસ છે. સંગઠનાત્મક માળખાની પુનઃ રચના અને આગામી ચુંટણીઓની રણનીતી અંગે તેઓ કાર્યકરોને માર્ગદર્શન પુરૂ પાડશે. વિધાનસભા સત્ર દરમિયાન જ આ મુલાકાત યોજાઈ રહી હોવાથી રાજયનુ રાજકીય વાતાવરણ ગરમાય તેવા એંધાણ વર્તાઈ રહયા છે.

હવે સતત નફા-બુકિંગ અને વૈશ્વિક દબાણને કારણે ભાવ ઘટ્યા

# ચાંદીની કિંમતમાં સતત ઘટાડો, ૪.૨૦થી ૨.૫૦ લાખ પહોંચ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઝડપી ગતિએ તેજી બાદ, ચાંદીના ભાવમાં હવે નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે, જેના કારણે રોકાણકારોમાં ચિંતા વધી રહી છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (MCX) પર ચાંદી ઘટીને લગભગ ૨.૫ લાખ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. અગાઉ, ચાંદી ૪.૨૦ લાખ રૂપિયા પ્રતિ કિલોના ઐતિહાસિક ઉચ્ચતમ સ્તરને સ્પર્શી ગઈ હતી. તે રેકોર્ડ ઉચ્ચ સ્તરથી, સતત નફા-બુકિંગ અને વૈશ્વિક દબાણને કારણે ભાવ ઘટી રહ્યા છે. હાલમાં, તે ૨૩૦,૦૦૦ રૂપિયાથી ૨૭૦,૦૦૦ રૂપિયા પ્રતિ કિલોની રેન્જમાં ટ્રેડ થઈ રહી છે.

રોકાણકારોના મનમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે, શું ચાંદીના ભાવ વધુ ઘટશે કે ફરી વધી શકે છે. તાજેતરના ઘટાડા પાછળ ઘણા મુખ્ય કારણો છેઃ યુએસના મજબૂત આર્થિક ડેટાએ ટૂંક સમયમાં વ્યાજ દરમાં ઘટાડાની શક્યતા ઘટાડી દીધી છે. જ્યારે દર ઘટાડાની અપેક્ષાઓ ઓછી થાય છે, ત્યારે ડોલર મજબૂત બને છે.

ડોલર મજબૂત થવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદી વધુ મોંઘી બને છે કારણ કે તેની કિંમત ડોલરમાં નિશ્ચિત હોય છે. આ વૈશ્વિક માંગને અસર કરે છે અને ભાવ પર દબાણ લાવે છે.

મોટા પાયે નફો લેવાનુંઃ રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યા પછી, મોટા રોકાણકારો અને વેપારીઓએ નફો બુક કરવાનું શરૂ કર્યું. જ્યારે મોટા પાયે વેચાણ થાય છે, ત્યારે ભાવમાં તીવ્ર ઘટાડો થાય છે. આંતરરાષ્ટ્રીય બજારમાં $121 ની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યા પછી કોમેક્સ ચાંદીમાં તીવ્ર ઘટાડો થયો. આની સીધી અસર ભારતીય બજારની ભાવના પર પડી.

બજારના નિષ્ણાતો માને છે કે, ડોલરના મજબૂત ભાવ અને વૈશ્વિક અનિશ્ચિતતાઓને કારણે ચાંદી ટૂંકા ગાળામાં દબાણ હેઠળ રહી શકે છે. લાંબા ગાળે, ચાંદીની ઔદ્યોગિક માંગ (ખાસ કરીને સૌર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રોમાં) મજબૂત રહેવાની અપેક્ષા છે, જે ભાવને ટેકો આપી શકે છે.જોકે, તાજેતરનો ઘટાડો સરેરાશ કરતા વધુ તીવ્ર રહ્યો છે, જે દર્શાવે છે કે બજાર હાલમાં અસ્થિર તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. રોકાણકારો માટે સાવધાની રાખવાનો અને લાંબા ગાળાની વ્યૂહરચના સાથે આગળ વધવાનો સમય છે.

માતા-પિતા ભાવુક થઈ ગયા

# અમદાવાદ પ્લેન ક્રેશના ૮ મહિના બાદ દીકરા-વહુનો સામાન ઘરે આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠાથી એક ભાવુક તસવીર સામે આવી છે. અમદાવાદમાં થયેલી ગોઝારી વિમાન દુર્ઘટનામાં બનાસકાંઠાના ધાનેરાના મૃતક દંપતીનો સામાન ૮ મહીના બાદ તેમના વતન આવ્યો હતો. ત્યારે દીકરા અને પુત્રવધૂનો સામાન જોઈને વૃદ્ધ દંપતી ભાવુક થઈ ગયું હતું.

વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા કમલેશ ચૌધરી અને ધાપુબેનનો સામાન તેમના વતન થાવર ગામે પહોંચાડવામાં આવ્યો હતો. ત્યારે મૃતક પુત્ર અને પુત્રવધુનો સામાન જોઈને મૃતકના પિતા સવદાનભાઈ ચૌધરીની આંખો ભરાઈ આવી હતી.

પોતાના દીકરાના લગ્નનો અર્ધબળી ગયેલો આલ્બમના ફોટા જોઈને પિતા જાણે સુધબૂધ ખોવાઈ ગઈ હોય તેમ સૂનમૂન બેસી રહ્યા હતા. સામાન જોઈને ઘરમાં ગમગીની છવાઈ ગઈ હતી. પુત્ર અને પુત્રવધુનું વિમાન દુર્ઘટનામાં મોત થતા તેમના લગ્નનો આલ્બમ હવે પિતા માટે માત્ર સ્મૃતિ બની ગયો છે. વિમાન દુર્ઘટનામાં મૃતકોના પાસપોર્ટ, આધારકાર્ડ, કપડાં, રમકડાં, બેગ અને ડોક્યુમેન્ટ સહિતની ચીજવસ્તુઓ સ્વજનોને પરત આપવામાં આવી રહ્યા છે.

એક પિતાએ તેમના પુત્ર કમલેશ અને પુત્રવધૂ ધાપુબેનને ૧૨ જૂને હર્ષભેર લંડન જવા માટે વિદાય આપી હતી, પરંતુ અમદાવાદમાં વિમાન દુર્ઘટના થતાં તેમના મોત નિપજ્યા હતા.

સુરત બિલ્ડર તુષાર ઘેલાણી કેસમાં ધડાકો થયો

# એક મહિલા સાથે બદનામીના ડરથી બિલ્ડરે મોત વ્હાલું કર્યુ

## બિલ્ડર તુષાર ઘેલાણીએ ૧ ફેબ્રુ.ના રોજ પોતાની લાઈસન્સ વાળી રિવોલ્વરથી લમણે ગોળી મારીને આપઘાત કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત કેસમાં નવો વળાંક આવ્યો છે. તુષાર ઘેલાણીએ દીકરીના લગ્નના ચાર દિવસ પહેલા કેમ મોત વ્હાલુ કર્યુ તે કારણ સામે આવી ગયું છે. તુષાર ઘેલાનીના પરિવારે પોલીસ અરજી કરી છે, જેમાં અન્ય મહિલા દ્વારા તુષાર ઘેલાનીને હેરાન અને બ્લેકમેઈલ કરવામાં આવતા હોવાનો આરોપ લગાવાયો છે.

સુરતના જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણીએ ૧ ફેબ્રુઆરીના રોજ પોતાની લાઈસન્સવાળી રિવોલ્વરથી લમણે ગોળી મારીને આપઘાત કર્યો હતો. જે દિવસે દીકરીના લગ્ન હતા, તે જ દિવસે તેમને દીકરીના હસ્તે અંતિમ દાહ આપવામાં આવ્યો હતો. ત્યારથી આ કેસમાં અસલી કારણ સામે આવ્યું ન હતું. શરૂઆતમાં તેમના આપઘાત પાછળ પારિવારિક ઝગડો હોય તેવું માનવામાં આવતું હતું. પરંતુ હવે તપાસમાં એક મહિલાનું નામ ખૂલ્યું છે.

એક મહિલાએ તુષાર ઘેલાણીને ફસાવ્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે. તુષાર ઘેલાણી આ મહિલાથી પીછો છોડાવવા માંગતા હતા, પરંતુ આ મહિલા તેમને મચક આપતી ન હતી. આ મહિલા તુષાર ઘેલાણીને બ્લેકમેલ પણ કરતી હતી. એટલું જ નહિ, તેણે બિલ્ડર પાસેથી દુકાનથી લઈને કેટલીક મિલકતો પણ પચાવી પાડી છે. તુષાર ઘેલાણી આ મહિલાથી મુક્તિ મેળવવા માંગતા હતા, પરંતુ મહિલા તેમને છોડતી ન ન હતી તેવું પણ સામે આવ્યું છે. એટલું જ નહિ, મહિલાએ દીકરીના લગ્નમાં હોબાળો કરવાની ચીમકી પણ આપી હતી. આથી બદનામીના ડરથી તુષાર ઘેલાણીએ આપઘાત કર્યો હતો. ત્યારે આ કેસમાં સામ સામે અરજી કરવામાં આવી છે. મહિલા દ્વારા તુષાર ઘેલાણીને ઈમોશનલ બ્લેકમેઈલ કરવામાં આવતો હોવાનો અરજીમાં ઉલ્લેખ કરાયો છે.

નજીકથી સ્વેટર, પેન્ટ, ચપ્પલ મળ્યાં

# ધ્રાંગધ્રાના જંગલ વિસ્તારમાંથી માનવ કંકાલ મળતા ચકચાર

## પોલીસ અને ફોરેન્સિક ટીમે રાજકોટ લેબોરેટરીમાં તપાસ શરૂ કરી, અન્ય રાજ્યના તમાકુના પેકેટ પણ મળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

ધ્રાંગધ્રા તાલુકાના ગોપાલગઢ ગામની સીમમાં જંગલ વિસ્તારમાંથી માનવ કંકાલ મળી આવતા ચકચાર મચી ગઈ છે. માનવ કંકાલ પાસેથી સ્વેટર, પેન્ટ, ચપ્પલ તેમજ અન્ય રાજ્યના તમાકુના પેકેટ પણ મળી આવ્યા છે. ધ્રાંગધ્રા તાલુકા પોલીસે આ અંગે વધુ તપાસ શરૂ કરી છે. પોલીસે માનવ કંકાલને ફોરેન્સિક તપાસ માટે રાજકોટ લેબોરેટરી ખાતે મોકલી ઓળખ અંગે તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, ધ્રાંગધ્રા તાલુકાના ગોપાલગઢ ગામની સીમમાં જંગલ વિસ્તારમાંથી માનવ કંકાલ મળી આવ્યો છે. આ જોતા જ સ્થાનિક લોકોએ ધ્રાંગધ્રા તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. માનવ કંકાલ મળ્યું ત્યાંથી સ્વેટર, પેન્ટ, ચપ્પલ તેમજ અન્ય રાજ્યના તમાકુના પેકેટ પણ મળી આવ્યા છે. અન્ય રાજ્યના તમાકુના આધારે આ મૃતક અન્ય રાજ્યનો હોવાનું પણ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં માનવ કંકાલ અંદાજે ૩૦થી ૩૫ વર્ષના અજાણ્યા પરપ્રાંતિય યુવકનું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. પોલીસે માનવ કંકાલને ફોરેન્સિક તપાસ માટે રાજકોટ લેબોરેટરી ખાતે મોકલી ઓળખ અંગે તપાસ હાથ ધરી છે. આ સાથે ફોરેન્સિક તપાસ બાદ જ માનવ કંકાલ કોનું છે અને મોત પાછળનું સાચું કારણ શું છે તે અંગેની માહિતી સામે આવી શકે છે.


પશ્ચિમ રેલ્વે

લિફ્ટની જોગવાઇ

Sr.DEE/P/BCT ટેન્ડર સૂચના નં. EL-166-159-WA-83 ને આમંત્રણ આપે છે તારીખ: 09.02.2026 (બે પેકેટ સિસ્ટમ). કાર્ય અને સ્થાન: મુંબઈ વિભાગ (ઉપનગરીય વિભાગ) - સ્ટેશનોના FOB પર લિફ્ટની જોગવાઈ (16 નંબર) (ઇલેક્ટ્રિકલ અને સિવિલ કાર્ય માટે સંયુક્ત ટેન્ડર). કાર્યની અંદાજિત કિંમત: રૂ. 10,55,78,303.57/- EMD: રૂ. 6,77,900/- સબમિશનની તારીખ અને સમય: તા. 10.03.2026, 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 10.03.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.

1106

પશ્ચિમ રેલ્વે facebook.com/WesternRly


બંને બેઠક પર જીત, જમાતને મળી નિરાશા

# BNP વડા તારિક રહેમાને શાનદાર રીતે વાપસી કરી

## બોગુરા-૬ મતવિસ્તાર (બોગુરા સદર) માં, તારિકે જમાત ઉમેદવાર મોહમ્મદ અબ્દુર રહેમાનને પણ બમણાથી વધુ માર્જિનથી હરાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા,

બાંગ્લાદેશમાં ૧૩મી સંસદ (જાતીય સંગત) ચૂંટણીના પરિણામો આવી ગયા છે, અને BNP વડા તારિક રહેમાને શાનદાર વાપસી કરી છે. ૧૭ વર્ષ પછી દેશમાં પાછા ફરતા, તારિક રહેમાને બંને બેઠકો (ઢાકા-૧૭ અને બોગુરા-૬) જીતી છે.

૨૦૨૪માં શેખ હસીનાની સરકારના પતન પછી પહેલી વાર બાંગ્લાદેશમાં ચૂંટણીઓ યોજાઈ રહી છે. આનાથી લંડનના તારિક રહેમાન વડા પ્રધાન બનવાની નજીક આવી ગયા છે.

બીએનપી મીડિયા સેલના સભ્ય શાયરુલ કબીર ખાને ઢાકા ટ્રિબ્યુનને જણાવ્યું હતું કે બિનસત્તાવાર પરિણામો દર્શાવે છે કે તારિક બંને બેઠકો પર જીત મેળવી રહ્યા છે. આ તેમની રાજકીય તાકાતનો નોંધપાત્ર સંકેત છે, કારણ કે તેઓ વડા પ્રધાનપદના મુખ્ય દાવેદાર છે. ઢાકા-૧૭ મતવિસ્તાર (ગુલશાન, બારીદરા, બનાની અને કેન્ટોનમેન્ટ વિસ્તારો) માં, તારિકે જમાત-એ-ઈસ્લામી ઉમેદવાર એસએમ ખલીકુઝ્ઝમાનને મોટા માર્જિનથી હરાવ્યા. બીએનપીનો દાવો છે કે રાત્રે ૯ વાગ્યા સુધીમાં, તારિકને ૬૦,૨૧૫ મત મળ્યા હતા, જ્યારે તેમના વિરોધીને ૨૪,૫૨૪ મત મળ્યા હતા.

બોગુરા-૬ મતવિસ્તાર (બોગુરા સદર) માં, તારિકે જમાત ઉમેદવાર મોહમ્મદ અબ્દુર રહેમાનને પણ બમણાથી વધુ માર્જિનથી હરાવ્યા હતા. પ્રથમ આલો અનુસાર, ૨૭ કેન્દ્રોના ડેટાના આધારે, તારિકને ૩૭,૪૬૫ મત મળ્યા હતા, જ્યારે તેમના વિરોધીને ૧૭,૪૨૮ મત મળ્યા હતા. બોગુરાની બધી ૭ બેઠકો પર બીએનપી ઉમેદવારો આગળ રહી હતી, જેમાં તારિકની બેઠક સૌથી મજબૂત છે.

આ ચૂંટણી ૨૦૨૪ ના વિદ્યાર્થી આંદોલન પછીની પહેલી મોટી ચૂંટણી છે, જેમાં આવામી લીગ (શેખ હસીનાનો પક્ષ) મતદાનથી દૂર રહ્યો અને નોંધણી સ્થગિત કરી. મુખ્ય મુકાબલો BNP અને જમાત-એ-ઈસ્લામી ગઠબંધન વચ્ચે છે.

પ્રારંભિક વલણો દર્શાવે છે કે BNP ઘણી બેઠકો પર આગળ છે. કેટલાક અહેવાલો દર્શાવે છે કે BNP ૫૦ થી વધુ બેઠકો પર આગળ છે, જ્યારે જમાત-એ-ઈસ્લામી ૧૮ બેઠકો પર. કુલ ૨૯૯ બેઠકો પર મતદાન થયું (એક બેઠક રદ કરવામાં આવી હતી), અને મતદાન લગભગ ૪૮ ટકા હતું. જુલાઈના રાષ્ટ્રીય ચાર્ટર પર લોકમત પણ યોજાયો હતો, જેના પરિણામો નવી સરકારને બંધારણમાં મોટા ફેરફારો કરવાની સત્તા આપી શકે છે.

તારિક રહેમાને આજે સવારે ઢાકાની ગુલશન મોડેલ હાઈ સ્કૂલ અને કોલેજમાં મતદાન કર્યું, તેમની સાથે તેમની પત્ની, ડૉ. ઝુબૈદા રહેમાન અને પુત્રી, જૈમા રહેમાન હતા. મતદાન કર્યા પછી, તેમણે કહ્યું કે બાંગ્લાદેશના લોકો લાંબા સમયથી આ દિવસની રાહ જોઈ રહ્યા હતા અને તેમને તેમના અધિકારો પાછા મળ્યા છે. તેમણે કેટલાક વિસ્તારોમાં અનિચ્છનીય ઘટનાઓના અહેવાલોનો ઉલ્લેખ કર્યો, પરંતુ કહ્યું કે જો BNP સત્તામાં આવશે, તો તે કાયદો અને વ્યવસ્થાને મજબૂત બનાવશે.

તારિક રહેમાન ૨૦૦૮ થી લંડનમાં રહેતા હતા અને ડિસેમ્બર ૨૦૨૫ માં તેમની માતા ખાલિદા ઝિયાના મૃત્યુ પછી પાછા ફર્યા હતા. તેમની જીતથી BNP ને મોટો રાજકીય ફાયદો થશે અને તેને સરકાર બનાવવામાં મદદ મળશે. ચૂંટણી પંચના સત્તાવાર પરિણામો હજુ પૂર્ણ થયા નથી, પરંતુ બિનસત્તાવાર પરિણામો સ્પષ્ટપણે દર્શાવે છે કે તારિકે બંને બેઠકો જીતી લીધી છે.

શુક્રવાર સવાર સુધીમાં સમગ્ર દેશ માટે પરિણામો આવવાની અપેક્ષા છે. આંતરરાષ્ટ્રીય નિરીક્ષકોએ ચૂંટણીઓને મુક્ત અને ન્યાયી જાહેર કરી છે, જોકે કેટલાક વિસ્તારોમાં હિંસાના અહેવાલો હતા. આ ચૂંટણી બાંગ્લાદેશ માટે એક નવી રાજકીય દિશા નક્કી કરશે, જ્યાં BNP મજબૂત સ્થિતિમાં હોવાનું જણાય છે.


પશ્ચિમ રેલ્વે દ્વારા વેરાવળ ⇌ ગાંધીગ્રામ વચ્ચે અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન ચલાવાશે.

| ટ્રેન નં. | મૂળ સ્થાન અને ગંતવ્ય | ચલાવાના દિવસ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09584 | વેરાવળ - ગાંધીગ્રામ | 13/02/2026 થી 17/02/2026 | દરરોજ 04:00 કલાક | 12:00 કલાક તે જ દિવસે |
| 09583 | ગાંધીગ્રામ - વેરાવળ | 13/02/2026 થી 17/02/2026 | દરરોજ 13:00 કલાક | 21:00 કલાક તે જ દિવસે |
| હોલ્ટ: કેશોદ, જૂનાગઢ, જેતલસર, જેતપુર, કુંકાવાવ, લાઠી, ઘસા, ધોળા, બોટાદ, ધંધુકા, ધોળકા અને બાવલા સ્ટેશનો બંને દિશામાં. | | | | |
| રચના: સામાન્ય દ્વિતીય વર્ગના કોચ. | | | | |

સમય, વિરામ અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે,મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ઉપરોક્ત ટ્રેન સ્પેશ્યલ ભાડા પર અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

અમેરિકા - ભારતની ટ્રેડ ડીલ મુદ્દે AAPએ રાજ્યપાલ સમક્ષ મુલાકાત માટે સમય માંગ્યો

# AAP નેતા ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલીયા, ચૈતર વસાવા, હેમંત ખવા, મનોજ સોરઠીયા અને સાગર રબારી સહિત પદાધિકારીઓએ મુલાકાત માટે સમય માંગ્યો

## ટ્રેડ ડીલથી ગુજરાતના ખેડૂતો, વેપારીઓ અને સામાન્ય લોકોને થનારી તકલીફ મુદ્દે રાજ્યપાલ સમક્ષ રજૂઆત કરવામાં આવશે: AAP

અમદાવાદ/ગુજરાત

અમેરિકા અને ભારત વચ્ચે થયેલી ટ્રેડ ડીલથી સમગ્ર દેશના લોકોમાં આક્રોશ છે અને જ્યારથી ટ્રેડ ડીલના સમાચાર આવ્યા છે, ત્યારથી આમ આદમી પાર્ટી પણ મજબૂતીથી આ મુદ્દે અવાજ ઉઠાવી રહી છે. તો ગુજરાતમાં ખેડૂતો વેપારીઓ અને સામાન્ય લોકોને ટ્રેડ ડીલથી થનારી તકલીફો મુદ્દે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિથી નાના માણસોને પડતી તકલીફો મુદ્દે પણ રજૂઆત કરવા આમ આદમી પાર્ટીના પ્રતિનિધિમંડળે ગુજરાત રાજ્યના રાજ્યપાલ સમક્ષ મુલાકાત માટે સમય માંગ્યો છે.

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, ધારાસભ્ય ચૈતર વસાવા, ધારાસભ્ય હેમંત ખવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, પ્રદેશ મહામંત્રી સાગર રબારી, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ, નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુ સોલંકી, પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકી, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ મહામંત્રી સામત ગઢવી, મધ્યઝોન કાર્યકારી પ્રમુખ ડો. જ્વેલ વસરા, પ્રદેશ ઉપપ્રમુખ ગૌરી દેસાઈ તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટ સહિતના પ્રતિનિધિમંડળે રાજ્યપાલ સમક્ષ મુલાકાત માટે સમય આપ્યો છે. આશા છે કે રાજ્યપાલ આવતીકાલે આમ આદમી પાર્ટીના પ્રતિનિધિમંડળને મુલાકાત માટે સમય ફાળવશે અને ટ્રેડ ડીલની ગંભીર અસરો મુદ્દે આમ આદમી પાર્ટીની રજૂઆતો સાંભળશે.

# ગુજરાતમાં મહેસુલ વિભાગના ૩૩ અધિકારીઓને અપાયુ પ્રમોશન : ગેસ કેડરમાં સિલેકશન સ્કેલની બઢતી




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે મહેસુલ વિભાગમાં મોટા વહિવટી ફેરફારના ભાગરૂપે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ (ગેસ) કેડરના ૩૩ વરીષ્ઠ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યુ છે. આ અધિકારીઓને સીનીયર સ્કેલમાંથી સિલેકશન સ્કેલમાં બઢતી આપવામાં આવી છે. જેના કારણે તેમના પગારમાં નોધપાત્ર વધારો થશે. અગાઉના પે-મેટ્રીકસ લેવલ-૧૨ માં રૂપીયા ૭૮,૮૦૦ થી ૨,૦૯,૨૦૦ માંથી હવે લેવલ-૧૩ માં રૂપીયા ૧,૨૩,૧૦૦ થી ૨,૧૫,૯૦૦ માં આવશે.

સામાન્ય વહિવટ વિભાગ (જીએડી) દ્વારા જારી કરાયેલી અધિસુચના મુજબ આ પ્રમોશન તાત્કાલીક અસરથી અમલમાં આવ્યુ છે. મહત્વની વાત એ છે કે આ અધિકારીઓની તેમની વર્તમાન જગ્યાઓ પર જ પુનઃ નિયુકત કરવામાં આવ્યા છે. એટલે કે કોઈ બદલી કરવામાં આવી નથી. તેમાં રેસીડન્ટ એડીશનલ કલેકટર (આરએસી) ડીસ્ટ્રીકટ રૂરલ ડેવલપમેન્ટ એજન્સી (ડીઆરડીએ) ના ડીરેકટર અને મંત્રીઓના પર્સનલ સેક્રેટરી જેવા મહત્વના પદો પર કાર્યરત અધિકારીઓનો સમાવેશ થાય છે. આ નિર્ણય થી મહેસુલ વિભાગની કાર્યક્ષમતામાં વધારો થશે અને અધિકારીઓનુ મનોબળ વધશે. આ યાદીમાં નિવાસી અધિક કલેકટર (આરએસી) ડીઆરડીએ ના નિયામકો અને મંત્રીઓના અંગત સચિવો (પીએસ) નો સમાવેશ થાય છે.

ગુજરાતમાં મહેસુલ જમીન વહિવટ, તલાટી / મામલતદાર કક્ષાની કામગીરી અને વિવાદોના નિરાકરણમાં મુખ્ય ભુમિકા ભજવે છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં વિભાગ અનેક ફેરફારો જોવા મળ્યા છે જેમાં જાન્યુઆરીમાં ૧૪૫ નાયબ મામલતદાર અને ૨૦૭ તલાટીઓની બદલીઓનો સમાવેશ થાય છે. તાજેતરમાં મહેસુલી કર્મચારીઓ માટે રાજય વ્યાપી તાલીમ કાર્યક્રમ પણ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં ૬૬૫ કર્મચારીઓને ૫ દિવસીય તાલીમ આપીને વિભાગને વધુ મજબુત બનાવવાનો પ્રયાસ કરાયો છે. આ પ્રમોશનને વહિવટી તંત્રને વધુ કાર્યક્ષમ બનાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યુ છે. અધિકારીઓને ફોન ઉપાડવા અને જનતાના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટેના તાજેતરના પરીપત્ર પછી આ નિર્ણય વધુ મહત્વનો બની રહયો છે. નિષ્ણાંતોના મતે આનાથી વિભાગમાં પારદર્શિતા અને જવાબદારી વધશે. ગુજરાતમાં મહેસુલ વિભાગની કામગીરીને ડીઝીટલાઈઝ કરવા અને જમીન રેકોર્ડ ને આધુનિક બનાવવા માટે પણ આ અધિકારીઓની ભુમિકા મહત્વની રહેશે.

# આગામી વિધાનસભા અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને AAPએ કરી મોટી નિયુક્તિઓ

## જિલ્લા-તાલુકા અને શહેર લેવલ તથા અલગ અલગ ફ્રન્ટમાં પદાધિકારીઓની નિયુક્તિ કરવામાં આવી

હવે ગણતરીના સમયમાં જ મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ સમસ્ત ગુજરાતમાં યોજાવવા જઈ રહી છે. ત્યારે આમ આદમી પાર્ટીએ ગુજરાતના ખૂણે ખૂણે પોતાના સંગઠનને મજબૂત કરવા માટે જબરદસ્ત મહેનત કરી છે. હાલ આમ આદમી પાર્ટીમાં નિયુક્તિઓનો દોર ચાલી રહ્યો છે અને સંગઠનમાં ક્ષમતા અનુસાર ખૂબ જ મોટી સંખ્યામાં પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવી રહી છે. તો આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની આગેવાનીમાં સ્ટેટ જોઈન્ટ સેક્રેટરી પદે શશાંક ખરેની નિયુક્તિ કરવામાં આવી. આ સિવાય ખેડબ્રહ્મા વિધાનસભાના સહ પ્રભારીની નિયુક્તિ કરવામાં આવી. ગીર ગઢડા તાલુકાના તાલુકા પંચાયત સીટના પ્રભારી અને સહ પ્રભારી નિયુક્તિ કરવામાં આવી. ઉના વિધાનસભાની જિલ્લા પંચાયત સીટના પ્રભારીની પણ નિયુક્તિ કરવામાં આવી. જુનાગઢ શહેરના ઉના શહેરના શહેર કો-ઈન્ચાર્જની નિયુક્તિ કરવામાં આવી. હિંમતનગરમાં તાલુકા પ્રમુખ, તાલુકા માઈનોરીટી વિંગ પ્રમુખ, ભિલોડામાં યુથ વિંગ તાલુકા પ્રમુખ, ખેડબ્રહ્મા શહેર પ્રમુખ, વડાલી તાલુકા પ્રમુખ, ઈડરના યુથ વિંગ તાલુકા પ્રમુખ (કાર્યકારી), પ્રાંતિજના તાલુકા પ્રમુખ (કાર્યકારી)ની નિયુક્તિ કરવામાં આવી.

# સુરેન્દ્રનગર જિલ્લાના દસાડામાં એસઆઈઆર કાર્યક્રમ વિરૂધ્ધ કોંગ્રેસનો હલ્લાબોલ: હજારો મતદારોના નામ કમી કરવાના આક્ષેપ સાથે રોડ રસ્તા ચકકાજામ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં રાજકીય ગરમાવો આજે જોવા મળ્યો હતો. એસઆઈઆર કાર્યક્રમ અને મતદાર યાદીમાંથી મોટા પાયે નામો કમી કરવાના મુદ્દે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. આ દરમિયાન કાર્યકરોએ વિવિધ હાઈવે પર રોડ રસ્તા ચકકાજામ સર્જતા વાહનોની લાંબી કતારો લાગી હતી અને અંતે પોલીસે આંદોલનકારીઓની અટકાયત કરી મામલો થાળે પાડયો હતો.

દસાડા તાલુકામાં કોંગ્રેસના કાર્યકરો અને સમર્થકો મોટી સંખ્યામાં રોડ રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા. માલવણ હાઈવે, દસાડા-બહુચરાજી રોડ અને ઝીણુવાડા ચોકડી જેવા મહત્વના માર્ગો પર સુત્રોચ્ચાર સાથે હાઈવે જામ કરી દેવામાં આવ્યો હતો. આ આંદોલનને કારણે જૈનાબાદ હાઈવે પર અંદાજે ૨ કિ.મી. સુધી ટ્રાફીકની લાંબી કતારો જોવા મળી હતી. જેના કારણે મુસાફરો અને વાહન ચાલકો અટવાયા હતા. કોંગ્રેસનો મુખ્ય વિરોધ ફોર્મ નં. ૭ અંતર્ગત થઈ રહેલી કામગીરી સામે છે. આક્ષેપ કરવામાં આવ્યો હતો કે વહિવટી તંત્ર દ્વારા ઓનલાઈન ફોર્મ ભરીને મોટી સંખ્યામાં મતદારોના નામ કમી કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને દસાડા, જૈનાબાદ અને બજાણા ગામોમાં અંદાજે ૭ હજાર જેટલા મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં આ આંકડો ૨૪ હજાર સુધી પહોચ્યો હોવાનુ કોંગ્રેસના નેતાઓએ જણાવ્યુ હતું.

આ વિવાદ ઘણા સમયથી ચાલી રહયો છે. કોંગ્રેસ દ્વારા અગાઉ આ મામલે જિલ્લા કલેકટર કચેરી અને જિલ્લા પોલીસવડાને લેખિતમાં રજુઆત કરવામાં આવી હતી. પરંતુ યોગ્ય નિરાકરણ ન આવતા કાર્યકરોએ રોડ રસ્તા પર ઉતરી વિરોધ કરવાનુ નકકી કર્યુ હતું. તેઓનુ કહેવુ છે કે લોકશાહીમાં મત આપવાનો અધિકાર છીનવવામાં આવી રહયો છે અને એસઆઈઆર કાર્યક્રમના નામે અન્યાય થઈ રહયો છે. હાઈવે પર ચકકાજામની સ્થિતિ સર્જતા જ દસાડા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ટ્રાફીક હળવો કરવા અને કાયદો વ્યવસ્થા જાળવી રાખવા માટે પોલીસે વિરોધ પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. કાર્યકરોને પોલીસ મથકે લઈ ગયા બાદ હાઈવે પર વાહન વ્યવહાર ફરીથી રાબેતા મુજબ શરૂ કરવામાં આવ્યો હતો.

# સુરતમાં હૃદય કંપાવતી ઘટના : ડિવોર્સી માતાએ પોતાના ૪ વર્ષના પુત્ર ને ગળે ફાંસો આપી બાદમાં પોતે લટકી ગઈ : બંનેના મોત

પ્રતિનિધિ,ગાંધીનગર



સુરત શહેરમાં હૃદય દ્રાવક ઘટના બનવા પામી છે. સુરતના ઉમરા વિસ્તારમાં ૨૬ વર્ષીય ડિવોર્સી માતાએ પોતાના ૪ વર્ષના માસુમ પુત્ર સાથે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ હોવાની ચોંકાવનારી ઘટના બનવા પામી છે. આ ઘટનાએ સમગ્ર સુરત શહેરમાં શોક અને અરેરાટી ફેલાવી દીધી છે. મળતી માહિતી મુજબ પુનમ શાહ નામની મહિલાએ પહેલા પોતાના ૪ વર્ષના પુત્ર શિવાય ને ગળે ફાંસો આપ્યો અને ત્યારબાદ પોતે પણ ફાંસો ખાઈ લીધો હતો. ઘટના અંગે જાણ થતા પરીવારજનો થતા આજુબાજુના લોકો સ્તબ્ધ બની ગયા હતા. તાત્કાલીક પોલીસને જાણ કરવામાં આવતા ટીમ સ્થળ પર પહોચી હતી અને મૃતદેહોને કબ્જે લઈ પોસ્ટમોર્ટમ માટે હોસ્પીટલ ખસેડવામાં આવ્યા હતા. પરીવારજનોએ આક્ષેપ કર્યો હતો કે પુનમ પૂર્વ પતિ કરણ શાહ દ્વારા સતત કરવામાં આવતી કનડગત અને માનસિક ત્રાસને કારણે તેણીએ આ કરૂણ પગલુ ભર્યુ હતું. ડિવોર્સ બાદ પણ ત્રાસ અપાતો હોવાની વાત પરીવાર દ્વારા પોલીસ સમક્ષ રજુ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતા ઉમરા પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલીક ઘટનાસ્થળે પહોચી હતી અને સમગ્ર મામલે તપાસ શરૂ કરી હતી. પોલીસે પરીવારજનોના નિવેદનો લીધા છે, તેમજ મૃતકના મોબાઈલ અને અન્ય પુરાવાઓની તપાસ હાથ ધરી છે. એક હસતા રમતા બાળકની નિર્દયી રીતે મોત અને માતાના આપઘાતની આ ઘટનાએ સમાજને રઝળી નાખ્યો છે. હાલ પોલીસ આત્મહત્યાને પ્રેરણા આપવાનો ગુન્હો નોંધાય તે દિશામાં તપાસ કરી રહી છે.

# વડોદરા જિલ્લાના વાઘોડીયા પારૂલ યુનિર્વસિટીમાં ૨૧ વર્ષીય બી.ટેક વિદ્યાર્થીનો આપઘાત: પોલીસે તપાસ શરૂ કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકામાં આવેલી પારૂલ યુનિર્વસિટીના ટાગોર ભવન બી હોસ્ટેલમાં રહેતા મુંબઈના એક ૨૧ વર્ષીય બી. ટેક વિદ્યાર્થીએ અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો છે. આ દુઃખદ ઘટનાએ યુનિર્વસિટી કેમ્પસમાં શોક નો માહોલ સર્જાયો છે અને વિદ્યાર્થીઓમાં ભારે ગમગીની ફેલાઈ ગઈ છે.

મળતી માહિતી અનુસાર મીત જગદીશ પટેલ (ઉ.વ.૨૧) મુળ મુંબઈના બોરીવલ્લી વિસ્તારનો રહેવાસી પારૂલ યુનિર્વસિટીમાં બી.ટેકના ચોથા સેમીસ્ટરમાં અભ્યાસ કરતો હતો. શનિવારે તેણે હોસ્ટેલના રૂમ નંબર ૨૦૪ માં પંખાના હુક સાથે ચાદર બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની પ્રથમ જાણ હોસ્ટેલમાં ફરજ બજાવતા હાજર કર્મચારીને થઈ હતી. જેણે તાત્કાલીક યુનિર્વસિટી તંત્રને જાણ કરી હતી. પોલીસની ત્વરીત કાર્યવાહી અને તપાસ ઘટનાને જાણ મળતા જ વાઘોડીયા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે રૂમને સીલ કરી મૃતદેહનો કબ્જો લીધો હતો અને પોસ્ટ મોર્ટમ માટે ખસેડયો હતો. ફોરેન્સિક ટીમે પણ સ્થળ પર થી મહત્વના પુરાવા એકઠા કર્યા છે. મૃત વિદ્યાર્થીનો મોબાઈલ ફોન જપ્ત




કરીને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યો છે. કોલ ડીટેઈલ્સ, ચેટ હિસ્ટ્રી અને અન્ય ડીઝીટલ ડેટાના આધારે આપઘાત પાછળનુ કારણ જાણવાના પ્રયાસ ચાલુ છે. યુનિર્વસિટી કેમ્પસમાં શોક અને ગમગીની આ ઘટનાએ પારૂલ યુનિર્વસિટીના વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં ભારે આઘાત પહોચાડયો છે. સાથી વિદ્યાર્થીઓ અને મિત્રો મીત ના અચાનક અવસાનથી સ્તબ્ધ બની ગયા છે. બનાવના સમાચાર મળતા જ મૃત વિદ્યાર્થીના પરીવારજનોને જાણ કરવામાં આવી હતી. જેઓ તાત્કાલીક વાઘોડીયા આવી પહોચ્યા હતા, પોસ્ટમોર્ટમ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મૃતદેહ પરીવારને સોંપવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યુ હતુ કે કારણ ની તપાસ ચાલુ છે. વાઘોડીયા પોલીસ મથકના તપાસ અધિકારી ડી આર દેસાઈએ નવ સર્જન સંસ્કૃતિ સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતું કે હાલ આ મામલે આકસ્મિક મોતનો ગુન્હો નોંધાયો છે. મૃતક પાસેથી કોઈ સ્યુસાઈડ નોટ મળી આવી નથી. તેમ છતાં તમામ એંગલ થી તપાસ ચાલુ છે. યુનિર્વસિટી તંત્ર સંપૂર્ણ સહયોગ આપી રહ્યુ છે. પોલીસે ભાર મુકયો હતો કે તપાસ પૂર્ણ થયા બાદ જ આપઘાતનુ ચોકકસ કારણ બહાર આવશે. આ ઘટના યુવા વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને હોસ્ટેલમાં કાઉન્સેલીંગ વ્યવસ્થા અંગે ફરી એકવાર ચર્ચા ઉભી કરી રહી છે. પારૂલ યુનિર્વસિટી પ્રશાસને પણ આ મામલે આંતરીક તપાસ શરૂ કરી છે અને વિદ્યાર્થીઓ માટે માનસિક આરોગ્ય સહાયની વ્યવસ્થા મજબુત કરવાની જાહેરાત કરી છે.

# સાબરકાંઠા જિલ્લામાં પોન્ઝી સ્કીમની વધુ એક ફરીયાદ: ખેડબ્રહ્મા ના રોકાણકારો સાથે રૂ.૨૦ લાખથી વધુની છેતરપીંડી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




સાબરકાંઠા જિલ્લામાં પોન્ઝી સ્કીમની વધુ એક ફરીયાદ નોંધાઈ છે. એપી ગૃપના સંચાલક અનીલ પરમાર વિરૂધ્ધ ફરીયાદ નોંધવામાં આવી છે. રોકાણકારો સાથે ઠગાઈ કરી હોવાની ફરીયાદ નોંધાઈ છે. રોકાણ મેળવીને ઓફીસો પર ખંભાતી તાળા લગાડી દીધા નો આક્ષેપ કરવામાં આવ્યો છે. ખેડબ્રહ્મા ના રોકાણકારો સાથે રૂપીયા ૨૪ લાખની છેતરપીંડી આચરી હોવાનુ બહાર આવ્યુ છે.

સાબરકાંઠા જિલ્લામાં બીઝેડ ફાઈનાન્સની પોન્ઝી સ્કીમનુ કૌભાંડ બહાર આવ્યા બાદ આ પ્રકારની વધુ સ્કીમો બહાર આવી રહી છે.

આવી જ એક પોન્ઝી સ્કીમ વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવામાં આવી છે. એપી ગૃપના સંચાલક અનીલ પરમાર વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

ખેડબ્રહ્માના રોકાણકારોના રોકાણ મેળવીને ઠગાઈ આચરી હોવાની ફરીયાદ નોંધાઈ છે. લાખો રૂપીયાના રોકાણો મેળવીને એપી કન્સલટન્સી ઓફીસો બંધ કરી દેવાઈ છે. ખેડબ્રહ્માના રોકાણકારોના ૨૪ લાખ રૂપીયાની ઠગાઈ આચરવામાં આવી છે. ક્રિપ્ટો અને બિટકોઈનના બહાને ઉંચુ વળતર આપવાની લાલચ આપવામાં આવી હતી. ખેડબ્રહ્મા પોલીસે જીપીઆઈડીસી એકટ હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પદ માટે ખેલાયો જંગ : ભાજપના પૂર્ણેશ મોદીને ટકકર આપવા કોંગ્રેસના શૈલેષ પરમાર મેદાનમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત વિધાનસભામાં લાંબા સમય બાદ ઉપાધ્યક્ષ પદ માટે ચુંટણીના મંડાણ શરૂ થયા છે. ૧૬ ફેબ્રુઆરીએ યોજાનારી આ ચુંટણી માટે રાજકીય પારો ગરમાયો છે. સામાન્ય રીતે આ પદ બિનહરીફ પસંદગી પામતુ હતું. પરંતુ આ વખતે કોંગ્રેસે પણ પોતાના ઉમેદવાર મેદાનમાં ઉતારતા હવે વિધાનસભા ગૃહમાં મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.



વિધાનસભા સચિવાલય દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર નોટીફીકેશન મુજબ આજે ૧૩ ફેબ્રુઆરીના રોજ બપોરે ૧૨ વાગ્યા સુધી ફોર્મ ભરવાની મુદત હતી. આ પદ ડીસેમ્બર ૨૦૨૫ થી ખાલી હતું. જયારે તત્કાલીન ઉપાધ્યક્ષ જેઠા ભરવાડે અંગત કારણો અને અન્ય સામાજિક જવાબદારીઓનુ કારણ આપી રાજીનામુ સુપ્રત કર્યુ હતું. સત્તાધારી પક્ષ ભાજપે સુરત પશ્ચિમના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીના નામ પર મહોર મારી છે. જેના મુખ્ય કારણોમાં તેઓ રાજય મંત્રી મંડળમાં અને સંગઠનમાં દક્ષિણ ગુજરાતનુ મહત્વ વધારવા માટે આ નિર્ણય લેવાયો હોવાનુ મનાય છે. પૂર્ણેશ મોદી એક મજબુત ઓબીસી નેતા તરીકેની છબી ધરાવે છે. જે આવનારી અન્ય સ્થાનિક ચુંટણીઓમાં ભાજપને ફાયદો કરાવી શકે છે. આ ઉપરાંત તેઓ અગાઉ કેબિનેટ મંત્રી તરીકે રહી ચુકયા છે. અને કાયદાકીય બાબતોમાં પણ તેમની પકકડ સારી છે. પૂર્ણેશ મોદીએ આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, સંસદીય કાર્ય મંત્રી ઋષીકેશ પટેલ અને અન્ય વરીષ્ઠ મંત્રીઓની હાજરીમાં વિજય મુહુર્તમાં ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું.

વિરોધ પક્ષ કોંગ્રેસે પરંપરાગત રીતે ઉપાધ્યક્ષ પદ વિપક્ષને મળવુ જોઈએ તેવી માંગણી સાથે પોતાના અનુભવી નેતા શૈલેષ પરમારને ઉમેદવાર બનાવ્યા છે. શૈલેષ પરમાર કોંગ્રેસના સૌથી વરીષ્ઠ અને ગૃહની કામગીરીના જાણકાર ધારાસભ્યોમાંના એક છે. કોંગ્રેસના નેતાઓનુ કહેવુ છે કે વિધાનસભામાં વિપક્ષનો અવાજ બુલંદ રહે તે માટે તેઓ આ ચુંટણી લડી રહ્યા છે. શૈલેષ પરમારના નામને વિપક્ષના અન્ય ધારાસભ્યોએ સમર્થન જાહેર કર્યુ છે. જેના કારણે હવે ૧૬ ફેબ્રુઆરીએ સત્તાવાર રીતે મતદાન થશે. જો આંકડાકીય દ્રષ્ટીએ જોવામાં આવે તો ભાજપ પાસે ૧૬૨ સભ્યોની વિધાનસભામાં ભારે બહુમતી છે. તેથી પૂર્ણેશ મોદીની જીત નિશ્ચિત મનાઈ રહી છે તેમ છતાં કોંગ્રેસના આ પગલાથી ભાજપની બિનહરીફ પરંપરા જાળવવાની ગણતરીઓ પર પાણી ફરી વળ્યુ છે.

## મુજમહુડાની સોસાયટીમાં શાહુડીએ નાસભાગ મચાવતા રેસ્ક્યું કરાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરમાં શાહુડી રહેણાંક વિસ્તારમાં આવી જતી હોવાના સતત બનાવો બની રહ્યા હોવાથી શાહુડી માટે ફોરેસ્ટનો વિસ્તાર ટૂંકો પડી ગયો હોય તેમ લાગે છે. ફતેગંજ, કમાટીબાગ, કારેલીબાગ જેવા વિસ્તારોમાંથી શાહુડીનું રેસ્ક્યુ કરવાના અગાઉ બનાવો બન્યા હતા. શાહુડી રહેણાંક વિસ્તારમાં આવી જતી હોવાથી અને તેના કાંટાળા પીંછા છોડતી હોવાને કારણે લોકોમાં ગભરાટ ફેલાતો હોય છે. નોંધનીય છે કે, થોડો સમય પહેલા વડોદરા નજીક પોર ખાતે શાહુડીનો શિકાર કરવા જતા એક દીપડાના ગળામાં કાંટા ભરાઈ ગયા હતા અને તેનું મોત નિપજ્યાં હોવાનું બનાવ પણ બન્યો હતો.વડોદરાના મુજમહુડા વિસ્તારમાં પસાભાઈ ટ્રેક્ટર પાસે આવેલી વ્રજવિહાર સોસાયટીમાં આજે એક શાહુડી આવી જતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો.

# રાજયના ૨૩ ટીડીઓ સહિત ૪૭ અધિકારીઓને અપાયા પ્રમોશન

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારે વહિવટી તંત્રમાં મહત્વનો નિર્ણય લઈને કુલ ૪૭ અધિકારીઓને બઢતી આપી દેવામાં આવી છે. મહેસુલ વિભાગના ૨૪ મામલતદાર અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ તથા ગ્રામ વિકાસ વિભાગના ૨૩ તાલુકા વિકાસ અધિકારીઓ (ટીડીઓ) ને ઉચ્ચ પગાર ધોરણમાં બઢતી આપવામાં આવી છે. નોંધનીય છે કે આ અધિકારીઓની બદલી કરવામાં આવી નથી, પરંતુ તેઓ હાલ જે જગ્યાએ ફરજ બજાવી રહ્યા છે. ત્યાં જ યથાવત રાખવામાં આવ્યા છે.



મહેસુલ વિભાગના આદેશ મુજબ રાજય વહિવટી સેવા (જુનીયર સ્કેલ) ના મામલતદારોને સીનીયર સ્કેલમાં બઢતી આપવામાં આવી છે. બઢતી સાથે પગાર ધોરણમાં વધારો થશે અને જવાબદારીઓમાં પણ વધારો થવાનો છે. તે જ રીતે પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળના તાલુકા વિકાસ અધિકારીઓને પણ ઉચ્ચ પગાર ધોરણ (લેવલ-૧૦) માં ઈન સીટુ બઢતી આપવામાં આવી છે. આ બઢતી તેમને તેમની વર્તમાન જગ્યાએ જ આપવામાં આવી હોવાથી પ્રશાસનીક સ્થિરતા જળવાઈ રહેશે. સરકારે સ્પષ્ટ કહ્યુ છે કે બઢતી મેળવનાર તમામ અધિકારીઓ પોતાના હાલના કાર્યસ્થળે જ ફરજ બજાવશે. વહિવટી કાર્યક્ષમતા વધારવા અને અધિકારીઓને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જે ૪૭ અધિકારીઓને બઢતી આપવામાં આવી છે.